સુવિચાર
''જે દુઃખ તમારા વશમાં નથી, તેને દૂર કરવા ભગવાનને પ્રાર્થના કરો અને જે દુઃખ તમે જાતે ઉભા કર્યા છે, તેને દૂર કરવા તમે જાતે પ્રયત્ન કરો.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૪/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર
# અમરેલી એકસપ્રેસ
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ સુદ-૫ વર્ષ : ૧૭ અંક : ૧૦૮

## સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીને લઈને નિરાશાનો માહોલ

# કાળઝાળ મોંઘવારી, ભીષણ ગરમી, બેરોજગારીની અસર જોવા મળી

**રાજકીય પક્ષોનાં ઉમેદવારો, આગેવાનો અને કાર્યકરો મહામુસીબતે ટાઢાપહોરે માનવ મેદની એકત્ર કરી રહ્યા છે**

**મતદારોમાં પણ રાજકીય પક્ષોનાં વચનો અને પોકળ વાતોથી ઉત્સાહની કમી જોવા મળી રહી છે**

**આઝાદીનો ૮૦ વર્ષનો સમયકાળ પૂર્ણ થવા જઈ રહ્યો હોય હજુ પણ પુરતા પ્રમાણમાં પ્રાથમિક સુવિધા નથી**

**પાણી, માર્ગો, ગંદકી, ગૌચરમાં દબાણ સહિતનાં અણઉકેલ પ્રશ્નો જોવા મળી રહ્યા છે**

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લાની જિલ્લા પંચાયત, ૧૧ તાલુકા પંચાયતો અને અર્ધોડઝન પાલિકાની સામાન્ય ચૂંટણીને હવે ગણતરીનાં દિવસો બાકી હોય તમામ રાજકીય પક્ષોનાં ઉમેદવારો, આગેવાનો અને કાર્યકરો સિવાય મતદારોમાં કોઈ ઉત્સાહનો માહોલ જોવા મળતો નથી.

આમ જનતા માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી આમ તો અતિ મહત્વની હોય છે, કારણ કે રોજબરોજની સમસ્યા દૂર કરવાની જવાબદારી પંચાયત કે પાલિકાની હોય છે. જેમાં સફાઈ, પીવાનું પાણી, સારા માર્ગો, બાગ–બગીચા, નાના–મોટા પ્રમાણપત્રો, રખડતા પશુઓ, સ્ટ્રીટલાઈટ જેવી સુવિધા સ્થાનિક સંસ્થાઓએ આપવાની હોય છે. પરંતુ, મતદારોમાં કોઈ ઉત્સાહ જ ઉભો થતો નથી.

એક તરફ કાળઝાળ મોંઘવારી, ભીષણ ગરમી, બેરોજગારી તેમજ બિસ્માર માર્ગો, અપુરતી સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ સહિતની સમસ્યાનું નિરાકરણ આઝાદીનાં ૮૦ વર્ષ થવા આવ્યા છતાં થયું નથી.

મતદારોને રાજકીય પક્ષોનાં વચનો ઉપર કોઈ ભરોસો રહ્યો નથી. સૌ સમજે છે કે ચૂંટણી પહેલા આવ્યા બાદ કોઈ રોજબરોજની સમસ્યા દૂર કરતું નથી. જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં બંધ સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ, અનિયમિત પાણી વિતરણ, ઉભરાતી ગટરો, બિસ્માર માર્ગોની સમસ્યા દૂર થઈ નથી થઈ તો તાલુકા કે ગ્રામ્ય કક્ષાએ શું કામગીરી કરવાનાં છે તેવું મતદારો માની રહ્યા છે.

જો કે રાજકીય આગેવાનોની શરમનાં કારણે મતદારો સ્થાનિક કક્ષાએ યોજાતી સભામાં જતાં હોય છે. પરંતુ, મતદારોમાં ઉત્સાહનો અભાવ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે તે હકીકત છે.

### વેપારી યુવક ઉપર 3 ઈસમો તૂટી પડયા

# અમરેલીનાં બિનાકા ચોકમાં આવેલ ડીલકક્ષ પાનની દુકાને બઘડાટી બોલી

**વેપારી યુવકને છરી મારી દેતા ઈજાગ્રસ્ત બન્યા**



અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં કાળજાળ ગરમી પડી રહી હોય જેને લઈ લોકોના મગજ પણ સાતમાં આસમાને રહેતા હોય. સામાન્ય બાબતમાં પણ ઝગડાઓ કરી મારામારી કરતાં હોય છે. આવો જ એક બનાવ અમરેલીમાં બનતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવનાં સીસીટીવી ફૂટેજ પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયા છે.

અમરેલીના મીની કસ્બાવાડ તારવાડી સામે શેરી નંબર–૨ માં આવેલ

અનુસંધાન પાના ૬ ઉપર

## જાફરાબાદમાં તીનપતીનો જુગાર રમતી ૪ મહિલાઓ ઝડપાઈ

અમરેલી, તા. ૨૦

જાફરાબાદ ગામે રહેતાં ફરીદાબેન અફજલભાઈ મંસુરી, મીનાજબેન બહાદુરઅલી હસનાણી, જુબીબેન સલીમભાઈ જેઠવા તથા ઉના ગામે આવેલ ખોજા સોસાયટીમાં રહેતાં નુરબાનુબેન ઈસ્માઈલભાઈ પદમાણી સહિત ચારેય મહિલા ઈસમો ગત તા. ૧૯ના રોજ સાંજે ૬ વાગ્યે જાફરાબાદ ગામે ગાયત્રી સોસાયટીમાં બહાદુરભાઈ હસનાનીના ઘરની બાજુમા ખુલ્લી જગ્યામાં જાહેરમાં પૈસા પાના વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં હોય. આ અંગે જાફરાબાદ પોલિસને બાતમી મળતાં પોલીસે દરોડો પાડી જુગાર રમતી ચારેય મહિલાઓને રોકડ રૂપિયા ૧૩,૭૨૦ના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### ૨ વ્યકિતએ આત્મહત્યા કરી ૧ વ્યકિતનું શોર્ટથી મોત

# અમરેલી જિલ્લામાં અલગ અલગ બનાવોમાં ૧ યુવક સહિત 3 વ્યકિતઓના મોત

**મોટા આંકડીયા, કાઠમા અને નેસડી ગામનો બનાવ**

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં અલગ અલગ ત્રણ બનાવોમાં એક યુવક સહિત ત્રણ ઈસમોના મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રહેતાં મધુભાઈ દેવશીભાઈ માધડ નામનાં ૩૫ વર્ષીય યુવકના લગ્ન થયેલ ન હોય અને પોતે એકલવાયુ જીવન જીવતા હોય જેથી પોતે જીંદગીથી કંટાળી જઈ ગત તા. ૧૬ ના રોજ સવારના આશરે અગીગયારેક વાગ્યે મોટા આકડીયા

અનુસંધાન પાના ૬ ઉપર

### ઉચૈયા ગામનાં ૨ ઈસમો વિરૂઘ્ધ ફરિયાદ નોંધાઈ

# રાજુલામાં ભંગારનો ડેલો ચલાવતાં યુવકને ધમકાવી ડરાવીને હજારો રૂપિયા પડાવી લીધા

**છેલ્લા સાડા 3 વર્ષથી ડરાવીને નાણા પડાવતા હતા**

અમરેલી, તા. ૨૦

રાજુલા તાલુકાના ઉચૈયા ગામે રહેતાં આરોપી ઉમેશભાઈ દાદાભાઈ ધાખડા તથા દિલીપભાઈ બેપારીયા નામનાં આરોપીઓએ સાડા ત્રણેક વર્ષ પહેલા રાજુલા ગામે કુંભારવાડા શેરી નં–૬માં રહેતાં અને ભંગારનો ડેલો ચલાવતાં અફજલભાઈ અલ્તાફહુસૈન લાખાણી નામનાં ૩૭ વર્ષીય યુવકનો સંપર્ક કરી આરોપીએ પોતાની ઓળખાણ આપી યુવકને ડરાવી ધમકાવી રૂપિયા ૧૦,૦૦૦ બળજબરીથી કઢાવી લીધા હતાં.

ત્યાર બાદ યુવકને અવાર નવાર ડરાવી ધમકાવી મારી નાખવાની ધમકી આપી યુવકની માલીકીનું જી.જે.–૧૪

અનુસંધાન પાના ૬ ઉપર

### શારિરીક તપાસ પૂર્ણ કરીને છોડયા બાદ

# રાજુલાનાં રામપરા ગામે અચાનક સિંહણે હુમલો કરી વનકર્મીને ઈજા પહોંચાડી

**હુમલો કરનાર સિંહણનું નામ વન ચોપડે ''લક્ષ્મી'' છે**



અમરેલી, તા. ૨૦

રાજુલા તાલુકાનાં રામપરા ગામ નજીક ડી–વોંનિંગની કામગીરી પૂર્ણ કરી સિંહણને પિંજરામાંથી મુક્ત કરવામાં આવી રહી હતી. ત્યારે અચાનક આ સિંહણે એક ટ્રેકર પર હુમલો કર્યો હતો. આ દુર્ઘટનામાં ટ્રેકર નકાભાઈ રામને ગંભીર ઈજા થતા અને આ ઘટનાને પગલે અન્ય વનકર્મીઓ દોડી આવ્યા હતા. અને ઈજાગ્રસ્ત ટ્રેકરને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

વન વિભાગ દ્વારા દર વર્ષે ઉનાળાની ઋતુમાં સિંહોની સુરક્ષા અને માનવ–સિંહ સંઘર્ષનાં બનાવો ટાળવા માટે 'ડી–વાનિંગ'ની પ્રક્રિયા હાથ

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ સુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. દેવાંગ ટાંક — ગેસ્ટ્રોલોજીસ્ટ
પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા. ૨૩/૦૪/૨૦૨૬- ગુરૂવારે, સવારે ૧૦ થી ૧
ડો. અનિલ સાંજવા — પીડીયાટ્રીક સર્જન
નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન
તા. ૨૪/૦૪/૨૦૨૬- શુક્રવારે, સાંજે ૪ થી ૬
ડો. કલ્પેશ બજાણિયા — ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન
મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
તા. ૨૫/૦૪/૨૦૨૬- શનિવારે, સવારે ૧૦ થી ૧૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ | ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ | મો. ૮૯૮૦૩ ૯૫૪૨૨
ડો. કોમલ વ્યાસ ઉનડકટ | ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ | મો. ૯૯૧૩૯ ૨૮૩૩૦

અપોલો હોસ્પિટલ્સ–અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા, કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી, MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર), મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન
દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — હેમેટો–ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી ડો. સંદીપ ખેની, હેમેટો–ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા, MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

सुश्रुत
આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (બી.એ.એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો
માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
તમામ પ્રકારના વાં (દુખાવા), સ્ત્રીરોગ
વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,39,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦/૦૪/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા આવેદનપત્ર પાઠવાયુ

# ધંધુકામાં યુવકની હત્યા કરનાર આરોપીને કડકમાં કડક સજા કરવાની માંગ કરાઈ

### પાકીસ્તાની જેહાદીઓ દ્વારા હત્યા કરવામાં આવી હોવાનું જણાવાયુ



અમરેલી, તા. ૨૦

અમરેલી એએચપીનાં આગેવાનોએ જિલ્લા કલેકટર માફરત ગૃહમંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ધંધુકા ગુજરાતમાં હિંદુ યુવક ધર્મેશ ગમારાની પાકિસ્તાની જેહાદે આતંકીઓ ધ્વારા તા. ૧૮/૪/૨૦૨૬નાં રોજ નિર્મમ હત્યા કરાયેલ છે. આ પહેલા જેહાદી આતંકી તત્વો ધ્વારા ધંધુકામાં જ કીશન ભરવાડની હત્યા કરાયેલ હતી. છેલ્લા ૧૦ વર્ષોમાં ધંધુકા, ગુજરાતમાં હિંદુઓની આ પાંચમી હત્યાની ઘટના છે. ગુજરાત સહિત ભારતમાં પાકિસ્તાની જેહાદી આતંકવાદીઓ ધ્વારા આજે પણ હિંદુઓનો નરસંહાર થઈ રહેલ છે, હિંદુઓની જાનમાલની રક્ષા કરવાની જવાબદારી સરકારની છે, પાકિસ્તાની જેહાદીઓ ધ્વારા ગુજરાતમાં હિંદુઓની હત્યાઓ થઈ રહેલ છે ત્યારે સરકાર ધ્વારા આવા તત્વો સામે દાખલારૂપ પગલા લઈને કાયદાનું ભાન કરાવવું જોઈએ.

પાકિસ્તાની જેહાદી તત્વો (આતંકવાદીઓ)નો સમગ્ર ગુજરાતમાં આર્થિક બહિષ્કાર કરવામાં આવે, ગુજરાતમાં હિંદુ યુવક ધર્મેશ ભરવાડની હત્યા કરનાર પાકિસ્તાની જેહાદે આતંકીઓનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી તાત્કાલિક ફાંસી આપવામાં આવે, ગુજરાતમાં રહેતા પાકિસ્તાની જેહાદી તત્વો (આતંકવાદીઓ)ની બેનામી અને ગેરકાયદેસરની મિલ્કતો જપ્ત કરવામાં આવે, ગુજરાતસહિત ભારતાના હિંદુઓને સુરક્ષા આપવામાં આવે તેવી માંગ અંતમાં કરવામાં આવી છે.

### ભરણપોષણનાં કેસમાં

# ૭ માસથી નાસતા-ફરતા આરોપીની પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા અટકાયત

### ચાંદગઢ ખાતેથી ઝડપી લેવામાં આવ્યો



અમરેલી, તા. ૨૦

અમરેલી પેરોલ ફર્લો ટીમે સજા વોરંટમાં ફરાર અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે રહેતાં અને વન ટ્રેકર તરીકે નોકરી કરતાં અસ્લમભાઈ સલીમભાઈ બ્લોચ નામનાં આરોપી બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સ મારફતે હકીકત મેળવી નાસતા ફરતા આરોપીને તા. ૧૯ના ચાંદગઢ ખાતેથી પકડેલ હોય આગળ ની ઘટતી કાર્યવાહી કરી અમરેલી જિલ્લા જેલ ખાતે સજા ભોગવવા સારૂ સોંપી આપવા તજવીજ કરેલ છે.

આ બનાવમાં અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે રહેતાં અને વન ટ્રેકર તરીકે નોકરી કરતાં અસ્લમભાઈ સલીમભાઈ બ્લોચને પોતાની પત્નીને ભરણ પોષણની રકમ રૂપિયા ૪૫૦૦ લેખે દર માસે ચુકવવાની હોય. જે ૬૪ માસથી ચુકવેલ ન હોય જેની ચડત બાકી ભરણ પોષણ રકમ રૂપિયા ૨,૮૮,૦૦૦ ન ભરવા બદલ બગસરા ફેમીલી કોર્ટના બીએનએસએસ કલમ ૧૪૪(૩) મુજબના કામે કોર્ટ દ્વારા આરોપી વિરૂદ્ધ દિન-૨૩૦ની સાદી કેદનો હુકમ થયેલ હોય અને જે કામે આરોપી સજા વોરંટમાં ફરાર હોય તેમને ચાંદગઢ ખાતેથી પકડી પાડી અમરેલી જિલ્લા જેલ ખાતે સજા ભોગવવા સારૂ સોંપી આપવા તજવીજ કરેલ છે જેને પકડી પાડેલ છે.

### પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે ઉમદા કામગીરી

# અરે વાહ : અમરેલી તાલુકા પોલીસે સીમચોરીનાં ૮ ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી લીધા

### બંને આરોપી જેશીંગપરામાં વસવાટ કરતા હોવાનું બહાર આવ્યુ



અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં બનતા સીમ ચોરીના અનડીટેકટ ગુન્હાઓ ડીટેકટ કરી આરોપીને પકડી પાડી ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરવા જરૂરી સુચના આપવામાં આવેલ હતી.

ત્યારે અમરેલી તાલુકાના ચક્કરગઢ ગામની સીમમાં કૌશીકભાઈ રવજીભાઈ પટેલ તથા અલગ અલગ લોકોના ચક્કરગઢ ગામમી સીમમાંથી ૧૫૦ ફુટ કેબલ જેની કિંમત રૂપિયા ૧૨૦૦૦ના મુદ્દામાલની કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ. જે બાબતે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૩૦૩ (૨) મુજબની ફરિયાદ કરવામાં આવેલ હોય. જે અન્વયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ઓ.કે. જાડેજાએ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનની અલગ-અલગ ટીમો બનાવી શંકાસ્પદ અમરેલી જેસીંગપરા શેરી નં.૧માં રહેતાં હમીર ઉર્ફે સમીર ધનાભાઈ પરમાર તથા સંજય પરમાર નામનાં બે ઈસમોને તપાસી યુકિત પ્રયુકિતથી સઘન પુછપરછ કરી હેડ કોન્સ. અજીતદાન ગઢવીની ચોક્કસ બાતમી હકીકતના આધારે ચોરી કરનાર ઈસમોને ચોરીમાં ગયેલ આશરે પાંચ કિલો ગ્રામ કોપર વાયર જેની કિંમત રૂા. ૨૫૦૦નાં મુદ્દામાલ સાથે ગણતરીના કલાકોમાં પકડી પાડી અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન તથા આજુ બાજુના ગ્રામ્ય વિસ્તારોની સીમમાંથી થયેલ ચોરીઓનો ભેદ ઉકેલવામાં આવેલ છે.

આ બનાવમાં પકડાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતાં તેના સાગરીતો સાથે મળી ચાર દિવસ પહેલા ચક્કરગઢ ગામની સીમમાંથી અલગ અલગ ખેતરમાંથી કેબલ વાયરની ચોરી કરેલ હતી.

આશરે આઠ માસ પહેલા અમરેલી તાલુકાના ચિતલ ગામની સીમમાંથી મુકેશભાઈ લીંબાસીયાના ખેતરમાંથી ૧૫૦ ફુટ કેબલ વાયર કિંમત રૂપિયા ૫,૦૦૦ની ચોરી કરેલ હતી.

આશરે સાત માસ પહેલા અમરેલી તાલુકાના દેવળીયા ગામની સીમમાંથી અલગ અલગ ખેતરમાંથી કુલ ૮૬૦ ફુટ કેબલ વાયર કિંમત રૂપિયા ૫૧,૬૦૦ની ચોરી કરેલ હતી.

આશરે પાંચ દિવસ પહેલા અમરેલી તાલુકાના ચિતલ ગામની સીમમાંથી અલગ અલગ ખેતરમાંથી કેબલ વાયરની ચોરી કરેલ હકીકત જણાવે છે.

આશરે દસ દિવસ પહેલા અમરેલી તાલુકાના બાબાપુર ગામમાં નદીના કિનારાના અલગ ખેતરમાંથી કેબલ વાયરની ચોરી કરેલ હકીકત જણાવે છે.

આશરે ત્રીસ દિવસ પહેલા અમરેલી તાલુકાના મોટા આંકડિયા ગામેથી લોખંડની ચોરી કરેલ હોવાની હકીકત જણાવે છે.

આશરે પંદર દિવસ પહેલા લીલીયા તાલુકાના ક્રાંકચ તથા ભોરીંગડા ગામની સીમનાઅલગ અલગ ખેતરમાંથી કેબલ વાયરની ચોરી કરેલ હકીકત જણાવે છે.

આશરે પંદર દિવસ પહેલા લાઠી તાલુકાના માલવીયા પીપરીયા ગામમાં સરકારી કુવાના કેબલ વાયરની ચોરી કરેલ હકીકત જણાવે છે.

આજથી આશરે ત્રીસ દિવસ પહેલા વડિયા તાલુકાના કુંકાવાવ ગામેથી લોખંડની ચોરી કરેલ હોવાની હકીકત જણાવે છે.

### મહાઆરતી, બ્રહ્મચોર્યાસી અને રથયાત્રા યોજાઈ

# રાજુલા ખાતે ભગવાન પરશુરામનાં પ્રાગટય ઉત્સવની ઉજવણી કરાઈ

### પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેર પણ ઉપસ્થિત રહયા



રાજુલા, તા. ૨૦

રાજુલા શહેર ખાતે અખાત્રીજનાં દિવસે ભગવાન વિષ્ણુનાં છઠ્ઠા અવતાર એવા ભગવાન પરશુરામનાં પ્રાગટય દિવસે રાજુલા શહેર તથા રાજુલા વિસ્તારનાં બ્રહ્મસમાજ દ્વારા સાંજે ૪ વાગ્યાથી જુના ગાયત્રી મંદિરથી ભરતનગર સમસ્ત બ્રહ્મસમાજની વાડી સુધી ભગવાન પરશુરામજીની રથયાત્રા રાજુલા શહેરનાં રાજ માર્ગ પર નિકળી હતી. બેન્ડ વાજા અને ધાર્મિક સંગીતની સુરાવલી સાથે પીળા વસ્ત્ર પરીધાનમાં તેમજ દરેક ના કંઠમાં જય પરશુરામ નાં પીળા ઉપરણાથી સજજ ભાઈઓ બહેનો હાથમાં સનાતન ધર્મનાં ભગવા ધ્વજ અને ભગવાન પરશુરામનાં જયઘોષ તથા સનાતનધર્મનાં જય નાદથી રાજુલા શહેર ભગવા રંગે રંગાઈ ગયુ હતું. રાજુલાની સનાતન ધર્મ પ્રેમી જનતા આ રથયાત્રા નીહાળીને ભાવ વિભોર બની હતી. રથયાત્રાનાં માર્ગ પર નારાયણ રેસ્ટોરન્ટનાં મનોજભાઈ વ્યાસ દ્વારા શરબત તથા પાણીની વ્યવસ્થાઓ કરવામા આવી હતી. સાંજે ૭ કલાકે રથયાત્રા ભરતનગર બ્રહ્મસમાજ વાડી ખાતે પહોચી હતી. બહેનો દ્વારા રાસ ગરબા અને ભગવાન પરશુરામ ની મહાઆરતી કરવામા આવી હતી. જેમા સમસ્ત બ્રહ્મસમાજ જોડાયો હતો. આ નિમિતે સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ ભાનુભાઈ રાજગોર આપેલ વકવ્યમાં જણાવ્યુ હતુ કે, સમાજની એકતા અને પ્રગતિ માટે સમાજનુ સંગઠીત રહેવાની હિમાયત કરી હતી. પરશુરામજીનાં પ્રાગટય ઉત્સાહમાં હાજર રહેવા બદલ સમસ્ત બ્રહ્મસમાજને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત સોશ્યલ મીડીયા ચેનલને નિવેદન આપતા રાજુલાનાં કવિ શશિભાઈ રાજયગુરૂએ અખાત્રીજનાં દિવસ નો મહિમા સમજાવ્યો હતો. અખાત્રીજએ ભગવાન પરશુરામનાં પ્રાગટય દિવસની સાથો સાથ આ દિવસે ત્રેતાયુગની શરૂઆત થઈ હતી, આ દિવસે વેદ વ્યાસજીએ મહાભારત લખવાની શરૂઆત કરી હતીને આ દિવસે દ્વારકાધીશ ભગવાન શ્રીકૃષ્ણે સુદામાનાં તાંદુલ આરોગ્યા હતા..આ દિવસે પાંડવોને અક્ષયપાત્ર મળ્યુ હતું.

# લીલીયા મોટા ખાતે ભગવાન પરશુરામનો જન્મોત્સવ ઉજવાયો





લીલીયા, તા. ૨૦

લીલીયા મોટા ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ યુવા પાંખ દ્વારા ભગવાન પરશુરામનો જન્મોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવેલ આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ખાસ ઉપસ્થિત રહેલ ભીડભંજન ખાતેથી બાઈક રેલીનો પ્રારંભ કરવામાં આવેલ વડવાળા હનુમાનજી મંદિર ખાતે ભગવાન પરશુરામની પ્રતિમાની પુંજા અર્ચના કરવામાં આવેલ ત્યારબાદ શોભાયાત્રા પ્રસ્થાન કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મ પરિવાર સહિત તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, ગૌતમભાઈ વિછીયા, જયસુખ સુરાણી, બાબુભાઈ ધામત, સુખાભાઈ ભરવાડ, ભનુભાઈ ડાભી કેતનભાઈ ઢાંકેચા, નીતિનભાઈ ત્રિવેદી ખોડાભાઈ માળવિયા વિજયભાઈ ભાલાળા, પરેશ પાડા સહિત બ્રહ્મ સમાજના પ્રમુખ કિશોરભાઈ પાઠક ઉપપ્રમુખ મનોજભાઈ જોશી મહામંત્રી નિલેશભાઈ મહેતા સહિતના અગ્રણી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા જયેશભાઈ મહેતા સહિતના યુવાનોએ જહેમત ઉઠાવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.









### સામાજિક કાર્યકર્તાએ કરી રજુઆત

# જશવંતગઢ ખાતે કોમ્યુનિટી હોલનુ રીનોવેશન કરવા માંગ ઉભી થઈ

### રીનોવેશન ન થઈ શકે તો નવુ બાંધકામ કરો

અમરેલી, તા. ૨૦

સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે જશવંતગઢ ખાતે ડો. બાબા સાહેબ કોલોનીમાં કોમ્યુનિટીનું રીનોવેશન કરવા નહી તો નવુ બાંધકામ કરવા માંગ કરેલ છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકાના જશવંતગઢ વિસ્તારમાં આવેલ ડો. આંબેડકર કોલોનીમાં વર્ષ ૧૯૯૬ દરમિયાન સ્થાનિક સંસદ સભ્યની ગ્રાન્ટમાંથી એક કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ કોમ્યુનિટી હોલનો ઉપયોગ વર્ષોથી સ્થાનિક રહેવાસીઓ દ્વારા સામાજિક કાર્યક્રમો, મિટિંગો તેમજ વિવિધ સામૂહિક પ્રવૃત્તિઓ માટે કરવામાં આવતો રહ્યો છે.

પરંતુ હાલના સમયમાં આકોમ્યુનિટી હોલ ખૂબ જ જર્જરીત અને જોખમી અવસ્થામાં પહોંચી ગયો છે. હોલની છત, દીવાલો તથા બારી-બારણા ભારે ખરાબ હાલતમાં હોવાથી કોઈપણ સમયે અકસ્માત થવાની શક્યતા ઊભી થઈ છે. પરિણામે સ્થાનિક લોકો માટે આ હોલનો ઉપયોગ કરવો મુશ્કેલ બની ગયો છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોમ્યુનિટી હોલનું તાત્કાલિક રિપેરીંગ અને રિનોવેશન કરવામાં આવે, નવા બારી-બારણા લગાવવામાં આવે અને જરૂરી મરામત કરીને સ્થાનિક લોકોને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

ઉપરાંત જો હાલના કોમ્યુનિટી હોલનું યોગ્ય રીતે રીપેરીંગ અથવા રિનોવેશન શક્ય ન હોય તો સંસદ સભ્યની એમ.પી.એલ.એ.ડી. યોજનાની ગ્રાન્ટમાંથી રકમ મંજૂર કરીને નવો કોમ્યુનિટી હોલ બનાવવામાં આવે તેવી પણ રજૂઆત સરકાર સમક્ષ કરવામાં આવી છે.

સ્થાનિક રહેવાસીઓની આ ન્યાયસંગત માંગણીને ધ્યાનમાં લઈને તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી આશા વ્યકત કરવામાં આવી છે.

### જિલ્લા કલેકટર અને પોલીસ અધિક્ષકની ઉપસ્થિતિમાં

# અમરેલી ખાતે ''નેશનલ ફાયર સર્વિસ ડે''ની ઉજવણીનો સમાપન કાર્યક્રમ યોજાયો

### એકિઝબિશન નિહાળી સૌએ ખુબ અભિનંદન પાઠવ્યા



અમરેલી, તા. ૨૦

સને ૧૯૪૪માં મુંબઈના ડોકિયાડ ખાતે જહાજમાં થયેલ વિસ્ફોટમાં ફાયરના ૬૬ બહાદુર કર્મીઓ શહીદ થયેલા હતા. આ દિવસને દર વર્ષે ૧૪મી એપ્રિલ નેશનલ ફાયર સર્વિસ ડે તરીકે ઉજવણી કરવામાં આવે છે. તથા શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. અને તા.૧૪ એપ્રિલથી તા. ૨૦ એપ્રિલ સુધી ફાયર વિક તરીકે ઉજવણી કરવામાં આવે છે.

આ ફાયર વીક દરમિયાન સરકાર દ્વારા આ વર્ષની ફાયર થીમ ''Safe school, safe Hospital And fire safety aware society together for fire prevention'' આધારિત સમગ્ર અમરેલી જિલ્લામાં જનજાગૃતિ તથા લોકોમાં ફાયર અવેરનેસ ફેલાવવા અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું.

આ ફાયર વીકના સમાપન પ્રસંગે ગઈકાલે અમરેલીના સિનિયર સિટિઝન પાર્ક અમરેલી ખાતે અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસ દ્વારા ''એક શામ શહીદ કે નામ'' અંતર્ગત ફાયર એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવેલ હતું.

આ ફાયર એક્ઝિબિશન કાર્યક્રમ દરમિયાન જાગૃત સમાજનું નિર્માણ થાય તેમજ આગ જેવી આપત્તિઓ સામે લોકોમાં સજાગતા આવે તેવા હેતુસર ફાયર વિભાગ દ્વારા જનતા કેટલી સલામત છે. તે સ્પષ્ટ કરવામાં આવી રહ્યું છે. જેમાં આગ નિવારણના ઉપાયો, બચાવ કામગીરી અનેઆધુનિક સાધનો અંગે લોકોને માહિતી આપવામાં આવી હતી.

આ ફાયર એક્ઝિબિશન પ્રસંગે અમરેલીના કલેકટર વિકલ્પ ભારદ્વાજ તેમજ પોલીસ અધિક્ષક સંજય ખેરાત ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને સમગ્ર એક્ઝિબિશન નિહાળી ફાયર વિભાગની કામગીરીને બિરદાવી હતી. અને કલેક્ટર દ્વારા વર્ષ દરમિયાન ફાયર વિભાગે કરેલા જાંબાઝ કાર્યોને યાદ કરી ફાયર જવાનોને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના સમર્પણને વખાણ્યું હતું.

### રાષ્ટ્રીય કે ધાર્મિક તહેવાર દરમિયાન

# અમરેલીનાં રાષ્ટ્રભકત ડી.જી. મહેતા દ્વારા પરશુરામ જયંતીએ બાઈકનો અનેરો શણગાર

### સ્વખર્ચે બાઈક શણગારી રાજમાર્ગો પર ફેરવી



અમરેલી, તા. ૨૦

અમરેલીનાં રાષ્ટ્રભકત અને આર્ટિસ્ટ ડી.જી. મહેતા વર્ષ દરમિયાન આવતાં રાષ્ટ્રીય કે ધાર્મિક તહેવારમાં પોતાની બાઈકને જે-તે તહેવારને અનુરૂપ શણગાર સજીને બાદમાં સમગ્ર શહેરમાં બાઈક ફેરવીને પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યા છે.

## ઉભરાતી ગટરો, ગંદકી અને ફેલાતી બદબુથી જનઆરોગ્ય પર ખતરો

# વડિયાનાં કૃષ્ણપરા વિસ્તારનાં ઢોળવા નાકાનાં રહેવાસીઓ ત્રાહીમામ

**પાંચ વર્ષ સુધી સમસ્યાનું નિરાકરણ કર્યુ નથી અને હવે પૂનઃ મત માંગવા નીકળતા રાજકીય કાર્યકરો સામે નારાજગી**

**સ્થાનિકોએ વિવિધ ગ્રાન્ટ સહિતનાં પ્રશ્નોની યાદી તૈયાર કરી લીધી હોય મત માંગવા જનારને જવાબ આપવો પડશે**

**મત માંગતી વખતે અનેકવિધ વચનો અને બાદમાં "તું કોણને હું કોણ" જેવુ વર્તન કરવું અત્યારે ભારે પડી રહ્યું છે**

**જનતા જાગૃત બને તો એક પણ સદસ્ય પૂનઃ ચૂંટણી લડવા કે ટિકિટ મેળવવા તૈયાર ન થાય તે હકીકત છે**



વડિયા, તા. ૨૦

સમગ્ર રાજયમાં હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો રંગ જામતો જાય છે. ત્યારે વડિયામાં આવેલાં કૃષ્ણપરા વિસ્તારની મહિલાઓ પોતાને પ્રાપ્ત થવી જોઈતી પ્રાથમિક સુવિધાઓ ગટર અને સફાઈ બાબતે ત્રાહિમામ પોકારીને ગ્રામ પંચાયત કચેરી ખાતે રજુઆત કરવા પહોંચી હતી.

જાણવા મળતી વિગતો મુજબ ઉભરાતી ગટરની ગંદકીથી ત્રાહિમામ પોકારી ઉઠેલા આ લોકો પોતાના વિસ્તારમાં ભૂગર્ભ ગટર ઈચ્છી રહ્યા હતા અને તે મંજુર કરાવવાની જવાબદારી જે તે જિલ્લા અને તાલુકા પંચાયત સદસ્યની હોય છે. ત્યારે પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય અને તાલુકા પંચાયત સદસ્યએ આગળના પાંચ વર્ષમાં કૃષ્ણપરા વિસ્તારના લોકો માટે શું કર્યુ ? કેમ લોકોની સમસ્યાઓ નિવારવામાં ઉણા ઉતાર્યા ? કયારે આ બાબતે કેટલી રજુઆતો કરી ? પોતાની ગ્રાન્ટ કયાં વાપરી ? આવા તમામ પ્રશ્ર હાલ સ્થાનિકો ચૂંટણી સમયે ઉઠાવતા જોવા મળી રહ્યા છે. આ બાબતે નવાઈની વાત એ છે કે આ વિસ્તારના ગ્રામ પંચાયત સદસ્ય પ્રતિનિધિ પણ તાલુકા પંચાયતની ચૂંટણી લડી રહ્યા છે તો શું તેને પણ ચાર વર્ષમાં કોઈ વાર રજુઆત ઉભરાતી ગટરો, સફાઈ, ગંદકી બાબતે કરી નહિ હોય ? ત્યારે વડિયાના કૃષ્ણપરા વિસ્તારના લોકો હાલ પાયાની મૂળભૂત સમસ્યાઓ બાબતે ચૂંટણી સમયે અવાજ ઉઠાવતા જોવા મળ્યા છે. ત્યારે વિકાસના નામે મત માંગતા નેતાઓ નીચા જોયા જેવી સ્થિતિનુ નિર્માણ થતુ હોય તેમ જોવા મળી રહ્યું છે. હવે આ ઢોળવા નાકા વિસ્તાના લોકોને ઉભરાતી ગટરો, સફાઈ વગેરે સમસ્યાઓથી મુકિત કયારે મળશે તે તો આવનારો સમય જ બતાવશે. પરંતુ ચૂંટણી સમયે લોકો પણ પોતાનાઓ બરોબરનો સમય આવ્યાનુ સમજી લોકોને મોઢેમોઢ પારખાવતા જોવા મળી રહ્યા છે.

### પતિએ સિટી પોલીસમાં અરજી કરી

# અમરેલીમાં પતિ અને ૨ પુત્રોને છોડીને મહિલા કયાંક ચાલી ગઈ

**મધ્યમવર્ગ પરિવારની પરિણીતાને શોધી રહ્યો છે**

અમરેલી, તા. ૨૦

અમરેલી શહેરનાં ઘનશ્યામનગરમાં રહેતી પરણિતા અનુરાધાબેન વા./ઓ. સંજય નટુભાઈ દેવડા-ડબગર (શાકભાજીવાળા) તા. ૫/૪/૨૦૨૬ના રોજ પોતાના બે દિકરા અને પરિવારને જાણ કર્યા વગર સવારે નવ કલાકે ઘરેથી ચાલ્યા ગયેલ છે અને તેમના પરિવાર દ્વારા ઘણી શોધખોળ કરવા છતાં આજ સુધી તેમનો કશો પત્તો મળેલ નથી.

૧૫ વર્ષના લગ્ન જીવન દરમિયાન કશો અણબનાવ ન બનેલ હતો અને બે દિકરાને નોંધારા મૂકીને ગુમ થયેલ આ પરણિતાને શોધવા માટે આ મધ્યમવર્ગનો પરિવાર ખુબ દોડધામ કરી રહેલ છે.

ગુમ થયાનાં દિવસે જ બપોરબાદ અનુરાધાબેનનાં પતિ સંજયભાઈએ અમરેલી સિટી પોલીસ સ્ટેશને જઈને રૂબરૂ આ બાબતની જાણ કરેલ હતી અને પોલીસ સ્ટાફે જરૂરી કાર્યવાહી કરીને તેમનાં રેકર્ડ ઉપર અરજી દાખલ કરીને અરજદારને શોધખોળ કરવાની ખાતરી આપેલ હતી.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

આપના શેરને લગતી મુંજવણોનું સચોટ સોલ્યુશન
IEPF માં ગયેલા શેર હવે પાછા મેળવો !
IEPF માં ટ્રાન્સફર થયેલા તમારા શેર ખાતરીપૂર્વક પરત મેળવી આપીએ છીએ
■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ડ મેળવવાની સેવા ■ શેર વારસાઈ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે રૂબરૂ મળો
SHYAM WEALTH CREATION
16-17, સિલિયા રોડ, ડાયમંડ માર્કેટ સામે, અમરેલી પર્ણિલ સાવલિયા 9925540007 - 9904742662

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન પાર્ટી પ્લોટ
ઉપલબ્ધ સુવિધાઓ
7 રૂમ (2 એ.સી. રૂમ)
6000 ચો.ફુ. જગ્યા
CCTV કેમેરાથી સજ્જ
પાર્કિંગની વ્યવસ્થા
ફ્રી વાઈ-ફાઈ સુવિધા
સરાઉન્ડ સાઉન્ડ સુવિધા
1200 ચોરસ ફૂટ પ્રસંગો માટે સુશોભીત હોલ
મંડપ, માઈક, લાઈટ, ઈવેન્ટ અને કેટરીંગની સુવિધા
12 L.E.D. ફલડ લાઈટથી સુસજ્જ ગ્રાઉન્ડ
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.





















### મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ દુઃખ વ્યક્ત કર્યુ

# જમ્મુ-કાશ્મીરમાં મોટી દુર્ઘટના, બસ પલટી જતાં ૨૧ લોકોના મોત

## જમ્મુ અને કાશ્મીરના જમ્મુ વિસ્તારના રામનગરથી ઉધમપુર જતી એક પેસેન્જર બસ બેકાબૂ થઈને પહાડથી નીચે ખાબકી: ૩૦થી વધુ ઈજાગ્રસ્ત

જમ્મું, તા.૨૦

જમ્મુ અને કાશ્મીરના જમ્મુ વિસ્તારના રામનગરથી ઉધમપુર જતી એક પેસેન્જર બસ બેકાબૂ થઈને પહાડથી નીચે ખાબકી. એવું કહેવાય છે કે ડ્રાઈવરે અચાનક કાબૂ ગુમાવ્યો અને ત્યારબાદ બસ પલટી ગઈ અને પહાડથી નીચે પડી. આ અકસ્માતમાં મૃત્યુઆંક ૨૧ પર પહોંચ્યો છે જ્યારે ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ બચાવ કામગીરી ચાલુ છે, જેમાં પોલીસ, પ્રશાસન અને સ્થાનિક લોકો મદદ કરી રહ્યા છે. બીજી તરફ ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર બસ રામનગરથી ઉધમપુર તરફ જઈ રહી હતી, ત્યારે જાલો વિસ્તાર પાસે અચાનક આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના કારણોની હાલમાં ખબર પડી શકી નથી અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, આ અકસ્માત બેદરકારીભર્યા ડ્રાઈવિંગને કારણે થયો હતો. એક વળાંક પર બસનું ટાયર ફાટ્યું હતું, જેના પછી પૂરઝડપે આવી રહેલી બસ બેકાબૂ બની ગઈ હતી.

આ ઘટનાની જાણ થતાની સાથે જ પોલીસ અને સ્થાનિક પ્રશાસનની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તેમજ બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. બચાવ ટુકડી દ્વારા ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલો અને તબીબી કેન્દ્રોમાં દાખલ કરવામાં આવી રહ્યા છે. પ્રશાસને જણાવ્યું કે ઘાયલોની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને તેમને શક્ય તમામ તબીબી સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

આ દર્દનાક અકસ્માત પર મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ દુઃખ વ્યક્ત કર્યુ છે. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, તેમણે રામનગરથી ઉધમપુર જઈ રહેલી મુસાફર બસ સાથે થયેલા દુઃખદ માર્ગ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે પોતાની હાર્દિક સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના વહેલા સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી. મુખ્યમંત્રીએ ખાતરી આપી કે સરકાર દુઃખની આ ઘડીમાં પીડિતો અને તેમના પરિવારો સાથે મક્કમતાથી ઉભી છે. આ અકસ્માત પર જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ પણ દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે 'ઠ' પર પોસ્ટ કરીને લખ્યું- "ઉધમપુર-રામનગર બસ અકસ્માતથી ઊંડું દુઃખ થયું છે, જેમાં ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના છે અને હું ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું." જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ કહ્યું, "ઉધમપુરમાં થયેલો આ દુઃખદ માર્ગ અકસ્માત હૃદયદ્રાવક છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. ઈશ્વર તેમને શક્તિ આપે. હું ઘાયલોના વહેલા સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું. મેં જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ, જીહ્રઈહ્ન અને આરોગ્ય વિભાગને નિર્દેશ આપ્યા છે કે તેઓ પ્રભાવિત લોકોને શક્ય તમામ સહાય પૂરી પાડે."

કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્રસિંહે જણાવ્યું કે થોડીવાર પહેલા જ મે ઉધમપુરના ડીસી શ્રી મિંગા શેરપા સાથે વાત કરી. મને કનોટેમાં થયેલા એક દુખદ રોડ અકસ્માત વિશે જાણકારી મળી. આ અકસ્માત રામનગરથી ઉધમપુર જતી એક પબ્લિક ટ્રાન્સપોર્ટની બસ સંલગ્ન છે. રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. ભારે જાનહાનિની આશંકા છે. દરેક શક્ય મદદ થઈ રહી છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ મોકલવામાં આવી રહ્યા છે. ગંભીર રીતે ઘાયલ લોકોને એરલિફ્ટ કરવાની વ્યવસ્થા થઈ રહી છે.

### જેનો ડર હતો એ જ થયું, સીઝફાયર તૂટ્યો!

# અમેરિકાએ ઈરાની જહાજ પકડ્યું, તો ઈરાને કર્યો વળતો પ્રહાર

## ઈરાની દળોએ ઓમાન સાગરમાં અમેરિકી સેનાના જહાજો પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે

તેહરાન, તા.૨૦

એક બાજુ જ્યાં અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટોની તૈયારીઓ ચાલે છે અને બધુ ઠીક થવાના સંકેત મળી રહ્યા હતા ત્યાં વળી પાછો ખતરો તોળાઈ રહ્યો છે. કારણ કે એવા સમાચાર મળી રહ્યા છે કે અમેરિકાએ ઈરાનનું જહાજ રોક્યું ત્યાં ઈરાને પણ હવે વળતો પ્રહાર કરી નાખ્યો. જેના કારણે સીઝફાયર પર સંકટ આવી ગયું છે. રિપોર્ટ્સ મુજબ ઈરાની દળોએ ઓમાન સાગરમાં અમેરિકી સેનાના જહાજો પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. જો કે ઈરાની અધિકારીઓએ આ ઘટનાક્રમની સત્તાવાર પુષ્ટિ કરી નથી. અત્રે જણાવવાનું કે પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં બીજા તબક્કાની વાતચીત માટે બંને દેશો જ્યાં તૈયારીઓ કરી રહ્યા છે ત્યાં દરિયામાં ઘમાસાણ મચ્યું છે. યુદ્ધવિરામ પૂરો થવાને પણ ગણતરીના કલાકો બાકી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ઓમાન સાગરમાં ઈરાન તરફથી અમેરિકી સેનાના કેટલાક જહાજો પર ડ્રોન એટેક થયો હોવાના સમાચાર છે. હજુ તો એક દિવસ પહેલા જ અમેરિકાએ ઈરાનનું જહાજ પકડ્યું હતું અને તેના ઈરાને હવે જવાબી કાર્યવાહી કરી હોવાનું કહેવાય છે. અમેરિકી જહાજોને કેટલું નુકસાન થયું એ હજુ સ્પષ્ટ થયું નથી. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ટોલ લગાવ્યો તો અમેરિકાએ પણ ઈરાની બંદરોથી આવતા જહાજો પર નાકાબંધી કરીને હોર્મુઝમાં બ્લોકેડ કરી નાખ્યો. રવિવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાની જહાજ વિરુદ્ધ અમેરિકી નેવીએ કાર્યવાહી કરી અને કબજામાં લીધુ છે. તેમણે કહ્યું હતું કે, આજે એક ૯૦૦ ફૂટ લાંબા અને એક વિમાન વાહક જહાજ જેટલા ભારે તૂસકા નામના ઈરાની માલવાહક જહાજે અમારી નેવીની નાકાબંધી તોડવાની કોશિશ કરી જે તેમના માટે સારી રહી નહીં. તેમણે લખ્યું કે અમેરિકી સેનાના ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર યુએસએસ સ્પ્રુઆંસે ઓમાનની ખાડીમાં તૂસકાને રોક્યું અને તેને થોભી જવા માટે યોગ્ય ચેતવણી આપી. ઈરાની ક્રૂ સભ્યોએ સાંભળવાની ના પાડી અને આથી અમારી નેવીના જહાજે તેમના એન્જિન રૂમમાં કાણું પાડીને તેમને ત્યાં જ રોકી લીધા. તેમણે એમ પણ જણાવ્યું કે હાલ અમેરિકી મરીને જહાજને પોતાના કબજામાં લીધુ છે. ગેરકાયદેસર ગતિવિધિઓના પાછલા ઈતિહાસના કારણે તૂસકા પર અમેરિકી ટ્રેઝરીના પ્રતિબંધ લાગેલા છે. જહાજ સંપૂર્ણ રીતે અમારા કબજામાં છે અને અમે જોઈએ છીએ કે આગળ શું થાય છે. આ અગાઉ ટ્રમ્પે ઈરાન પર યુદ્ધવિરામ તોડવાના આરોપ લગાવ્યા હતા. તેમણે ભારતીય સમય મુજબ રવિવારે જણાવ્યું હતું કે ઈરાને કાલે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ફાયરિંગ કર્યું જે અમારા યુદ્ધવિરામની સમજૂતિનો ભંગ છે. તેમણે અનેક ગોળીઓ એક ફ્રેન્ચ જહાજ અને યુકેના એક માહવાહક જહાજ પર છોડી. જે સારું નહતું. મારા પ્રતિનિધિ ઈસ્લામાબાદ પાકિસ્તાન જઈ રહ્યા છે. તેમણે ઈરાનના તમામ પાવર પ્લાન્ટ્સ સહિત અનેક જગ્યાઓ પર હુમલાની ધમકી પણ આપી હતી. આ સાથે જ કહ્યું હતું કે ઈરાનની આ હત્યારી મશીનરીને ખતમ કરવાનો સમય આવી ગયો છે.

### સુરતમાં બોલ્યા અસદુદ્દીન ઓવૈસી

# ભાગલા માટે મુસ્લિમો નહીં, પણ કોંગ્રેસ જવાબદાર છે

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીમા AIMIM સુપ્રીમો અસદુદ્દીન ઓવૈસી મેદાને : ઊન-લિંબાયતમાં જંગી જનસભા

સુરત, તા.૨૦

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૬ એપ્રિલે મતદાન થવાનું છે. આ ચૂંટણીમાં અસદુદીન ઓવૈસીની પાર્ટી AIMIM પણ લડી રહી છે. રવિવારે સુરતમાં અસદુદીન ઓવૈસીએ પ્રચાર કર્યો હતો. તેમણે આ દરમિયાન કહ્યું કે મત એક અમાનત છે, મતનો ઉપયોગ આપણી જમાત માટે કરો. મતનો ઉપયોગ કરો જેથી ગુજરાતમાં આપણે જણાવી શકીએ કે આપણે લાવારિસ નહીં મનુષ્ય છીએ અને આપણા અવાજને સાંભળવામાં આવશે. ઓવૈસીએ કહ્યું કે યાદ રાખો યુવાનોની વાત તેની સાંભળવામાં આવશે, જેનો નેતા હશે. જો તમે વિચારો છો કે કોંગ્રેસ પાર્ટીને મત આપવાથી ભાજપને રોકી શકાય તેવું નથી.ઓવૈસીએ કહ્યુ કે ભાજપને કોઈ રોકી શકે છે અને બંધારણની મર્યાદામાં રહી, તેની આંખમાં આંખ નાખી આપણા અધિકાર મનાવવા પર મજબૂર કરી શકે તો તે પાર્ટી AIMIM છે. આ ઉભા થવાનો અને પોતાના અધિકારોનો દાવો કરવાનો સમય છે. ઓવૈસીએ કહ્યુ કે મારા પર આરોપ લગાવવામાં આવે છે કે તમે ભારતના ખુણા-ખુણામાં જઈને ચૂંટણી લડો છો.લોકસભા સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે કેટલાક લોકો આરોપ લગાવે છે કે જ્યારે ઓવૈસી ચૂંટણી લડે છે તો ભાજપને ફાયદો થાય છે. પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ ૨૯૪ સીટો પર ચૂંટણી લડી રહી છે, ટીએમસી ૨૯૪ સીટો પર, લેફ્ટ ફ્રંટ ૨૫૦ સીટો પર અને ઓવૈસીની પાર્ટી ૧૧ સીટો પર લડી રહી છે. ભાજપ પણ ૨૯૪ સીટો પર લડી રહ્યું છે. તેમને મારા ચૂંટણી લડવાથી સમસ્યા છે. ૧૧ સીટોને ભૂલી જાવ, ૨૭૦ સીટો જીતો અને ભાજપને હરાવો. તમે આ સમાજને પોતાના ખુદનું નેતૃત્વ બનાવવાથી કેટલો સમય રોકતા રહીશો?ઓવૈસીએ કહ્યુ કે વિભાજન માટે મુસલમાન જવાબદાર નહોતા. શું કોંગ્રેસ પાર્ટી તે લોકોમાં સામેલ નથી જે વિભાજન માટે જવાબદાર હતા? પોતાના પુસ્તક ઈન્ડિયા વિન્સ ફ્રીડમ માં મૌલાના આઝાદ લખે છે કે તેઓ ગાંધી અને નહેરૂ પાસે ગયા હતા અને તેમને અપીલ કરી હતી કે તેઓ ભારતનું વિભાજન ન થવા દે.

### K-Pop અને ગેમિંગ ક્ષેત્રે નવા યુગની શરૂઆત

# PM મોદી અને દક્ષિણ કોરિયાના પ્રમુખ લીની વચ્ચે દ્વિપક્ષીય બેઠક

## બંને દેશો ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપાર વધુ વધારશે : મોદી

નવી દિલ્હી, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે (૨૦એપ્રિલ) નવી દિલ્હીમાં દક્ષિણ કોરિયાના પ્રમુખ લી જે મ્યુંગ સાથે દ્વિપક્ષીય બેઠક યોજીને ભારત-દક્ષિણ કોરિયા વચ્ચે અત્યાધુનિક ટૅક્નોલૉજીથી લઈને કે-પોપમાં નવા યુગની શરૂઆત કરી છે. આ ઉપરાંત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવાની પણ જાહેરાત કરવામાં આવી છે. બંને દેશના નેતાઓ વચ્ચે રૈં કરાયા છે. આ ઉપરાંત વેપાર, સંસ્કૃતિ અને ટૅક્નોલૉજી ક્ષેત્રે ભાગીદારી વધારવા પર પણ ભાર અપાયો છે. દ્વિપક્ષીય બેઠક બાદ વડાપ્રધાન મોદી અને દ. કોરિયાના પ્રમુખ મ્યુંગે સંબોધન પણ કર્યું હતું.

આ બેઠક બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'પ્રથમવાર ભારત યાત્રા પર આવેલા રાષ્ટ્રપ્રમુખ મ્યુંગનું સ્વાગત કરીને મને ઘણી ખુશી થઈ રહી છે. બંને દેશોના ડીએનએમાં લોકશાહીના મૂલ્યો, માર્કેટ ઈકોનોમી અને કાયદાના શાસન પ્રત્યે સન્માન છે. છેલ્લા એક દાયકામાં અમારા સંબંધો વધુ મજબૂત અને વ્યાપક બન્યા છે. આજે અમે બંને દેશોની વિશ્વાસપાત્ર ભાગીદારીને ભવિષ્યલક્ષી ભાગીદારીમાં તબદીલ કરી રહ્યા છે. અમે ચિપ્સથી લઈને શિપ્સ સુધી, ટેલેન્ટથી લઈને ટૅક્નોલૉજી સુધી અને એન્વાયરમેન્ટથી લઈને એનર્જી સુધી, દરેક ક્ષેત્રમાં સહયોગની નવી તકોને સાકાર કરીશું અને સાથે મળીને બંને દેશોની પ્રગતિ અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરીશું. વડાપ્રધાન મોદીએ બંને દેશો વચ્ચે થયેલી સમજૂતી અંગે માહિતી આપતાં કહ્યું કે, 'ભારત-દક્ષિણ કોરિયા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૨૭ બિલિયન ડૉલર સુધી પહોંચી ગયો છે, ત્યારે ૨૦૩૦ સુધીમાં આ વેપાર ૫૦ બિલિયન ડૉલર સુધી પહોંચાડવા માટે આજે અનેક નિર્ણયો કરવામાં આવ્યા છે. બંને દેશો વચ્ચે નાણાકીય પ્રવાહને સરળ બનાવવા માટે, અમે ભારત-કોરિયા ફાયનાન્શિયલ ફોરમની શરૂઆત કરી છે. વ્યાપારી સહયોગને વેગ આપવા માટે, અમે એક ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેશન કમિટીની રચના કરી છે. ક્રિટિકલ ટૅક્નોલૉજી અને સપ્લાય ચેઈન્સમાં સહયોગ વધારવા માટે, અમે ઈકોનોમિક સિક્યોરિટી ડાયલોગ શરૂ કરી રહ્યા છીએ.' વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, 'અમે ભારત-કોરિયા વેપાર કરારને અપગ્રેડ પણ કરીશું. AI, સેમિ કન્ડક્ટર અને ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજીમાં ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે અમે ઈન્ડિયા-કોરિયા ડિજિટલ બ્રિજ લૉન્ચ કરી રહ્યા છીએ. અમે શિપ બિલ્ડિંગ, સસ્ટેઈનેબિલિટી, સ્ટીલ અને પોર્ટ્સ જેવા સેક્ટરમાં પણ MOU કરી રહ્યા છીએ. આ ઉપરાંત કલ્ચર અને ક્રિએટિવ ઈન્ડસ્ટ્રીમાં પરસ્પર સહયોગ વધારીને ફિલ્મ, એનિમેશન અને ગેમિંગમાં પણ નવા યુગની શરૂઆત કરીશું. ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે હજારો વર્ષ જૂનો સાંસ્કૃતિક સંબંધ છે. ૨૦૦૦ વર્ષ પહેલા અયોધ્યાની રાજકુમારી સૂરીરત્ના અને કોરિયાના રાજા કિમ-સુરોની કહાની, અમારો પરસ્પરનો વારસો છે. આજે ભારતમાં કે-પૉપ, કે-ડ્રામા ખૂબ જ પોપ્યુલર થઈ રહ્યા છે. તેવી જ રીતે દક્ષિણ કોરિયામાં પણ ભારતીય સિનેમા અને સંસ્કૃતિકની ઓળખ વધી છે. મને ખુશી છે કે, રાષ્ટ્રપ્રમુખ મ્યુંગ પણ ભારતીય સિનેમાના પ્રશંસક છે. અમે બંને દેશોના કલ્ચર કનેક્ટરને વધુ મજબૂત કરવા માટે ૨૦૨૮માં ભારત-કોરિયા ફ્રેન્ડશિપ ફેસ્ટિવલનું આયોજન કરીશું. આ સાથે બંને દેશોના નાગરિકોનો સંપર્ક વધારવા માટે એજ્યુકેશન-રિસર્ચમાં ભાગીદારી વધારીશું અને પ્રવાસનને પણ પ્રોત્સાહન આપીશું.

### પતિએ કર્યો મોટો ખુલાસો, કેસમાં આવ્યો નવો વળાંક

# પ્રેગ્નેન્ટ છે મહાકુંભની વાયરલ ગર્લ મોનાલિસા

## મોનાલિસા ગર્ભવતી છે અને તેના કારણે હાલમાં તે મુસાફરી કરવા અથવા તપાસ એજન્સીઓ સામે હાજર થવાની સ્થિતિમાં નથી

ભોપાલ, તા.૨૦

મધ્ય પ્રદેશમાં ચર્ચિત કુંભ મેળા વાયરલ ગર્લ મોનાલિસા ભોસલેને લઈ એક નવા સમાચાર સામે આવી રહ્યા છે. તેનો પતિ ફરમાન ખાને પોલીસને જાણકારી આપી છે કે મોનાલિસા ગર્ભવતી છે અને તેના કારણે હાલમાં તે મુસાફરી કરવા અથવા તપાસ એજન્સીઓ સામે હાજર થવાની સ્થિતિમાં નથી. આ સમગ્ર ઘટનાક્રમ મામલો હવે વધારે સંવેદનશીલ બની ગયો છે. જ્યાં એક તરફ લગ્નને લઈ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે, તો વળી બીજી તરફ પ્રેગ્નેન્સીને લઈ તપાસમાં નવો વળાંક આવી ગયો છે.આ મામલો ત્યારે વધારે ચર્ચામાં આવ્યો હતો, જ્યારે મોનાલિસા ભોસલે અને ફરમાન ખાનના લગ્નને લઈ પહેલાથી જ તપાસ ચાલી રહી છે. પોલીસે આ લગ્ન સાથે જોડાયેલા તથ્યો અને પરિસ્થિતિઓની પડતાલ કરી રહી છે. આ દરમ્યાન ફરમાન ખાને દાવો કર્યો કે, મોનાલિસાની તબિયત અને ગર્ભાવસ્થાને જોતા તેને હાલમાં કોઈ પણ પૂછપરછ માટે બોલાવવી શક્ય નથી.સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે મોનાલિસાને ટૂંક સમયમાં સત્તાવાર નિવેદન માટે તપાસ અધિકારીઓ સામે હાજર થવું પડશે. પણ પતિ તરફથી આપવામાં આવેલી જાણકારી બાદ હવે તપાસની પ્રક્રિયા પ્રભાવિત થઈ શકે છે. પોલીસે આ દાવાની સત્યતા ચકાસી રહી છે અને મેડિકલ આધાર પર સ્થિતિ સ્પષ્ટ કરવાની કોશિશમાં લાગેલી છે.હકીકતમાં જોઈએ તો, છોકરીના પરિવાર અનુસૂચિત જનજાતિમાંથી આવે છે. તેમણે મધ્ય પ્રદેશના મંડલેશ્વર ડીએસપી પાસે ફરિયાદ નોંધાવી હતી કે ફરમાન ખાન તેમની સગીર દીકરીને ફોસલાવીને લગ્ન કર્યા છે. આ મામલામાં પોલીસે બંનેને હાજર થવા કહ્યું હતું. તો વળી કેરલા હાઈકોર્ટે આ મામલામાં રાહત આપતા છોકરી અને તેના પતિની ધરપકડ કરી ૨૦ મે સુધી તેમના પર રોક લગાવી દીધી હતી.આ અગાઉ ૧૧ માર્ચના રોજ છોકરી તિરુવનંતપુરના થમ્પાનૂર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા ગયા હતા કે તેના પિતા બળજબરી તેને ઘરે લઈ જઈ બીજે લગ્ન કરાવવા માગે છે. છોકરીએ સ્પષ્ટ રીતે ફરમાન સાથે રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

# હોર્મુઝમાં ભારતીય જહાજો પર હુમલા બાદ નવી એડવાઈઝરી

નવી દિલ્હી, તા.૨૦

ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ હવે રણમેદાન બની ચુક્યું છે. ૧૮ એપ્રિલે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) દ્વારા બે ભારતીય જહાજો પર કરવામાં આવેલા ફાયરિંગ બાદ ભારત સરકારે કડક એડવાઈઝરી જારી કરી છે. ભારતીય નૌસેનાએ તમામ ભારતીય જહાજોને લારક આઈલેન્ડથી દૂર રહેવા અને નેવીની સૂચના વગર આગળ ન વધવા આદેશ આપ્યો છે.૧૮ એપ્રિલના રોજ ભારતીય જહાજો જગ અર્ણવ અને સનમાર હેરાલ્ડ હોર્મુઝ પસાર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમિયાન ઈરાની ગાર્ડ્સ દ્વારા તેમના પર ફાયરિંગ કરવામાં આવતા આ બંને જહાજોએ અધવચ્ચેથી પાછા વળવું પડ્યું હતું. જોકે, તે જ દિવસે દેશ ગરિમા નામનું જહાજ સફળતાપૂર્વક ખાડી પસાર કરી શક્યું હતું. જેને અત્યારે ભારતીય નૌસેના સુરક્ષા આપી રહી છે. લારક આઈલેન્ડ હોર્મુઝના સૌથી સાંકડા ભાગમાં આવેલો છે, જ્યાં ઈરાનનું મુખ્ય ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. અહીં ઈરાની સેનાના અનેક બેઝ છે, જે નાની અને ફાસ્ટ બોટ દ્વારા કોઈપણ જહાજને ટાર્ગેટ કરી શકે છે. આ વિસ્તારમાં ઓમાન કોસ્ટ પાસે સમુદ્રી સુરંગો હોવાનું જોખમ હોવાથી નૌસેના અત્યંત સાવધ છે.હાલમાં પર્શિયન ગલ્ફમાં ૧૪ ભારતીય જહાજો હોર્મુઝ પસાર કરવા માટે મંજૂરીની રાહ જોઈ રહ્યા છે. ભારતીય નૌસેના આ જહાજો સાથે સતત સંપર્કમાં છે. નૌસેનાએ કુલ ૭ યુદ્ધ જહાજો આ વિસ્તારમાં તૈનાત કર્યા છે. જે જહાજો હોર્મુઝ પસાર કરે છે, તેમને અરબી સમુદ્ર સુધી નેવી દ્વારા એસ્કોર્ટ આપવામાં આવી રહ્યું છે. દેશ ગરિમા ૨૨ એપ્રિલે મુંબઈ પહોંચે તેવી શક્યતા છે.યુદ્ધ પહેલા વિશ્વનું ૨૦% તેલ આ માર્ગેથી પસાર થતું હતું, પરંતુ અત્યારે આ રૂટ અનિશ્ચિતતાના કારણે લગભગ બંધ જેવો છે. ભારત માટે પોતાના જહાજો અને ક્રૂ મેમ્બર્સની સુરક્ષા સર્વોપરી હોવાથી નેવીએ સુરક્ષા ગ્રીડ વધુ મજબૂત કરી દીધી છે.

### લીનાબેન આ વિસ્તારના લોકપ્રિય મહિલા અગ્રણી હતા

# વિજયનગર તાલુકા પંચાયતની ચીતરીયા બેઠક પર ચૂંટણી મુલતવી

## ભાજપના મહિલા ઉમેદવાર લીનાબેન લક્ષ્મણભાઈ નિનામાનું ગત દિવસોમાં ટૂંકી બીમારી બાદ નિધન થયું છે

વિજયનગર, તા.૨૦

રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો ગરમાવો ચરમસીમાએ છે ત્યારે એક બેઠક પર ચૂંટણી મોકૂફ રાખવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકા પંચાયતની ચીતરીયા બેઠક પરથી ભાજપના મહિલા ઉમેદવાર લીનાબેન લક્ષ્મણભાઈ નિનામાનું ગત દિવસોમાં ટૂંકી બીમારી બાદ નિધન થયું હતું. આ દુઃખદ ઘટનાને પગલે ચૂંટણી પંચ દ્વારા આ બેઠકની ચૂંટણી હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.મળતી માહિતી અનુસાર, લીનાબેન નિનામા આ વિસ્તારના એક સક્રિય અને લોકપ્રિય મહિલા અગ્રણી હતા. બુધવારની સાંજે અચાનક તેમની તબિયત લથડતા તેમને તાત્કાલિક સારવાર અર્થે ભિલોડાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગંભીર બીમારી સામે ઝઝૂમ્યા બાદ સારવાર દરમિયાન જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું. તેમના અવસાનથી સ્થાનિક ભાજપ સંગઠન અને મતદારોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.વહીવટી તંત્ર અને ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર રીતે ચીતરીયા બેઠકની ચૂંટણી મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણીના નિયમો અનુસાર, જો કોઈ માન્ય રાજકીય પક્ષના ઉમેદવારનું મતદાન પહેલાં નિધન થાય, તો તે બેઠકની ચૂંટણી પ્રક્રિયા અટકાવી દેવામાં આવે છે. હવે આ બેઠક પર આગામી દિવસોમાં ચૂંટણી પંચ દ્વારા નવેસરથી જાહેરનામું બહાર પાડવામાં આવશે અને મતદાન માટેની નવી તારીખ જાહેર કરવામાં આવશે. ભાજપ દ્વારા આ બેઠક પર હવે નવા ઉમેદવારની પસંદગી કરવામાં આવશે, ત્યારબાદ ફરીથી ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાશે.

સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા શિસ્તભંગના પગલાં લેતા ઈડર અને હિંમતનગરના કુલ ૧૦ આગેવાનોને પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઈડર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવારો સામે પક્ષના જ ૯ પૂર્વ કોર્પોરેટરો અને આગેવાનોએ ત્રણ વોર્ડમાં અપક્ષ પેનલ બનાવી ઉમેદવારી નોંધાવતા આ કડક કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ઈડર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જયસિંહ તંવરનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, હિંમતનગરમાં પણ પક્ષ સામે અપક્ષ ઉમેદવારી કરનાર એક ભાજપ કાર્યકરને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે, આમ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા કુલ ૧૦ કાર્યકરો સામે ભાજપે લાલ આંખ કરી છે.

### શ્રેયસ ઐયર બનશે ભારતીય ટીમનો નવો કેપ્ટન

# સૂર્યકુમાર યાદવને T20 કેપ્ટન પદેથી હટાવવામાં આવી શકે

## હાલમાં ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપ પર ધ્યાન કેન્દ્રિત છે, પરિણામે પસંદગીકારોએ ટીમના ભાવિ નેતૃત્વ પર વિચારી રહ્યા છે

નવી દિલ્હી, તા.૨૦

૨૦૨૮ના T20 વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયા કેવી હશે તેની યોજના અત્યારથી બનાવવામાં આવી રહી છે. સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ભારતે ૨૦૨૬નો T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. તાજેતરના અહેવાલો અનુસાર પસંદગી સમિતિ શ્રેયસ ઐયરને T20 ટીમની કેપ્ટનશીપ સોંપવા માટે ઉત્સુક છે. આનો અર્થ એ થાય કે ટીમમાં સૂર્યકુમાર યાદવનું સ્થાન જોખમમાં હોય તેવું લાગે છે, કારણ કે તે લાંબા સમયથી ખરાબ ફોર્મનો સામનો કરી રહ્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, સૂર્યકુમાર યાદવના કાર્યકાળ પછી T20 ટીમની કમાન શ્રેયસ ઐયરને સોંપવામાં આવી શકે છે. શ્રેયસ પાસે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં કેપ્ટનશીપનો વ્યાપક અનુભવ છે અને હાલમાં તે ૨૦૨૬ની IPL સીઝનમાં પંજાબ કિંગ્સનું નેતૃત્વ કરી રહ્યો છે.

બીસીસીઆઈના એક સૂત્રને ટાંકીને આપવામાં આવેલા રિપોર્ટમાં જણાવ્યું છે કે ઐયરે છેલ્લે ૨૦૨૩માં ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી અને હાલમાં તે ટીમનો ભાગ નથી. તેને ટીમમાં પાછો લાવવો અને અચાનક તેને કેપ્ટનશીપ સોંપવી એ એક મહત્વપૂર્ણ નિર્ણય હશે. હાલમાં ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપ પર ધ્યાન કેન્દ્રિત છે, પરિણામે પસંદગીકારોએ ટી૨૦ ટીમના ભાવિ નેતૃત્વ પર વિચાર-વિમર્શ કરવા માટે જરૂરી સમય શોધી કાઢ્યો છે.

શ્રેયસ ઐયર કેપ્ટન તરીકે બહોળો અનુભવ ધરાવે છે. ૨૦૧૮માં ઐયરે દિલ્હી ડેરડેવિલ્સના કેપ્ટન તરીકે નિયુક્ત થયો હતો. તેના નેતૃત્વમાં જ દિલ્હી ફ્રેન્ચાઈઝ ૨૦૨૦ આઈપીએલ સીઝનની ફાઈનલમાં પહોંચી હતી. ૨૦૨૨માં તે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)માં જોડાયો અને માત્ર બે વર્ષ પછી ૨૦૨૪માં કેકેઆર ટીમે ઐયરની કેપ્ટનશીપ હેઠળ ટ્રોફી જીતી. તેણે પંજાબ કિંગ્સનું નસીબ પણ બદલી નાખ્યું છે. ૨૦૧૪થી ફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહેલી પંજાબ ટીમને શ્રેયસ ઐયરે તેના નેતૃત્વમાં ૨૦૨૫ની ફાઈનલમાં પહોંચાડી હતી. વધુમાં ઐયરનું ચાલુ IPL સીઝનમાં કેપ્ટન તરીકે શ્રેષ્ઠ પ્રદર્શન યથાવત છે. પંજાબ વર્તમાન સીઝનમાં હજુ સુધી એકમાત્ર અપરાજિત ટીમ છે, જે પોઈન્ટ ટેબલમાં ટોપ પર છે.

# અચાનક પહાડી વિસ્તારમાં ઝાડ સાથે અથડાયું પ્રાઈવેટ એરક્રાફ્ટ

રાયપુર, તા.૨૦

છત્તીસગઢના જશપુર જિલ્લામાં સોમવારે એક વિમાન દુર્ઘટના થઈ. આરા પહાડીઓમાં એક ખાનગી વિમાન ક્રેશ થઈ ગયું. ગ્રામીણોના જણાવ્યા અનુસાર, આ ચાર્ટર્ડ પ્લેન જશપુરના નારાયણપુર ક્ષેત્રના રતનપહલી જંગલમાં ઝાડ સાથે અથડાઈને દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. અકસ્માત બાદ પહાડી વિસ્તારમાંથી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટા ઉઠતા જોવા મળ્યા હતા. ઘટનાની જાણકારી મળતા જ પોલીસ અને વહીવટીતંત્રની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને રાહત-બચાવ કાર્ય શરૂ કર્યું હતું. હાલમાં એ જાણી શકાયું નથી કે વિમાનમાં કેટલા લોકો સવાર હતા.

વિમાન જમીનથી અંદાજે ૩૦ ફૂટની ઊંચાઈ પર ઊડી રહ્યું હતું. SSP લાલ ઉમેદ સિંહ પણ ઘટનાસ્થળે પહોંચ્યા છે. જશપુર જિલ્લા વહીવટીતંત્રનું કહેવું છે કે, આ વિમાન દુર્ઘટનામાં જાનહાનિની સંખ્યાની સત્તાવાર પુષ્ટિ તપાસ બાદ જ કરવામાં આવશે. પહાડી વિસ્તાર હોવાને કારણે રાહત અને બચાવ કાર્યમાં મુશ્કેલી પડી રહી છે.

જોકે, કલેક્ટરે મીડિયાને જણાવ્યું હતું કે, આ જંગલની આગ હોઈ શકે છે. ઓડિશા, ઝારખંડ કે રાજ્યમાંથી કોઈ એરક્રાફ્ટ ગુમ થયું હોવાના સમાચાર નથી. એક વીડિયો પણ સામે આવ્યો છે. ૯ સેકન્ડના આ વીડિયોમાં પહાડ પરથી ધુમાડાના ગોટા ઉઠતા જોવા મળી રહ્યા છે. આ વીડિયો સામે આવ્યા બાદ જ એરક્રાફ્ટ ક્રેશના સમાચાર વાયરલ થઈ રહ્યા છે.

### આંગડીયા પેઢીનો મોટો ખુલાસો

# સુરત હવાલાકાંડ: 'પનીરનો વેપારી' બની AAP નેતા મોકલતો લાખો રૂપિયા

## પનીરનો વેપારી બનીને દિલ્હીથી હિમાંશુ પૈસા મોકલતો અને સુરતમાં AAP નો આકાશ મિશ્રા લેવા આવતો

સુરત, તા.૨૦

સુરતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા જ એક મોટો પોલિટિકલ હવાલાકાંડ સામે આવ્યો છે, જેમાં હવે નવા અને ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. સુરતના મહીધરપુરા વિસ્તારમાં આવેલી એક આંગડિયા પેઢી મારફતે છેલ્લા ૪ મહિનામાં દિલ્હીથી આશરે ૧.૨૫ કરોડ (સવા કરોડ) રૂપિયા હવાલા દ્વારા સુરત મોકલવામાં આવ્યા હોવાનું ખૂલ્યું છે. ક્રાઈમ બ્રાન્ચ અને ઉમરા પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ ફંડિંગ ખાસ કરીને આગામી ચૂંટણીના પ્રચાર-પ્રસાર અને કાર્યકર્તાઓના નેટવર્કને મજબૂત કરવા માટે મોકલવામાં આવતું હતું. આ આખા હવાલાકાંડનો માસ્ટરમાઈન્ડ દિલ્હીનો રહેવાસી હિમાંશુ પાહુજા છે. આમ આદમી પાર્ટી (AAP) નો નેતા હોવા છતાં, હિમાંશુએ આંગડિયા પેઢીમાં પોતાની ઓળખ એક 'પનીરના વેપારી' તરીકે આપી હતી. આ 'પનીરનો વેપારી' દિલ્હીથી પૈસા મોકલતો હતો અને સુરતમાં તેને રિસિવ કરવા માટે આકાશ મિશ્રા આવતો હતો. નોંધનીય છે કે, આકાશ મિશ્રા અગાઉ આમ આદમી પાર્ટીના પૂર્વ મંત્રીનો પીએ પણ રહી ચૂક્યો છે.આ કેસમાં મહીધરપુરાની અરવિંદ હિરેનભાઈ આંગડિયા પેઢીના સંચાલક અલ્પેશ પટેલે પણ મોટી કબૂલાત કરી છે. અલ્પેશભાઈએ પોલીસને જણાવ્યું કે, દિલ્હીથી હિમાંશુ નામની વ્યક્તિ છેલ્લા ૩ થી ૪ મહિનાથી નિયમિત રીતે પેમેન્ટ મોકલાવતી હતી. આ રોકડ રકમ લેવા માટે આકાશ મિશ્રા દર મહિને તેમની પેઢી પર આવતો હતો. આંગડિયા પેઢીના માલિકની સ્પષ્ટ કબૂલાત છે કે, તેમણે છેલ્લા ૩-૪ મહિનામાં જ ૮૦ થી ૯૦ લાખ રૂપિયા આકાશ મિશ્રા અને અજય તિવારીને હાથોહાથ (હેન્ડઓવર) આપ્યા છે.

હાલમાં પોલીસે આ મામલે સઘન તપાસ શરૂ કરી દીધી છે. આંગડિયા પેઢીના તમામ રેકોર્ડ અને એન્ટ્રીઓની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત, પેઢી અને આસપાસના સીસીટીવી ફૂટેજ જપ્ત કરીને આ આંતરરાજ્ય રાજકીય હવાલા નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. આગામી દિવસોમાં આ કેસમાં હજુ પણ મોટા માથાઓના નામ ખૂલે તેવી પૂરેપૂરી શક્યતા છે.

### નૌસેનાને મળશે ૬ અત્યાધુનિક સબમરીન

# ભારત-જર્મની વચ્ચે સૌથી મોટી ડિફેન્સ ડીલની તૈયારીઓ શરૂ

### રાજનાથ સિંહ જર્મની પહોંચી મોટી ડિફેન્સ ડીલ કરશે

નવી દિલ્હી, તા.૨૦

વર્તમાન સમયમાં અત્યાધુનિક હથિયારોની તાતી જરૂરીયાતને ધ્યાને રાખીને ભારત-જર્મની વચ્ચે સૌથી મોટી ડિફેન્સ ડીલ થવાની છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ૨૧ એપ્રિલથી ૨૩ એપ્રિલ દરમિયાન જર્મનીનો પ્રવાસ કરવાના છે, જ્યાં તેઓ નૌસેના માટે ૬ અત્યાધુનિક સબમરીન સહિત અનેક ડિફેન્સ ડીલ કરવાના છે.

ભારત-જર્મની વચ્ચે સંરક્ષણ ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે સંરક્ષણ મંત્રીનો જર્મની પ્રવાસ નિર્ધારીત કરાયો છે. બર્લિનમાં યોજાનારી બેઠકમાં રાજનાથ સિંહ જર્મનીના સંરક્ષણ મંત્રી બોરિસ પિસ્ટોરિસ અને અન્ય નેતાઓ સાથે ડિફેન્સ ડીલની વાતચીત કરશે, જેમાં 'ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ રોડમેપ'ને અંતિમરૂપ આપશે. તેનો અર્થ એ છે કે, ભારત-જર્મની સાથે મળીને સૈન્ય હથિયારોનો વિકાસ અને ઉત્પાદન કરશે. બેઠકમાં બંને દેશો વચ્ચે સંરક્ષણ ભાગીદારી વધારવાનો, સેના-સેના વચ્ચે સંબંધ મજબૂત કરવાનો, સાઈબર સુરક્ષા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડ્રોન જેવી નવી ટેકનોલોજી પર કામ કરવા સહિતના મુદ્દે ચર્ચા થશે.

આ ઉપરાંત રાજનાથ સિંહ જર્મનીના સંરક્ષણ ઉદ્યોગના મોટા પ્રતિનિધિઓ સાથે પણ મુલાકાત કરશે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, બંને દેશોના સંરક્ષણ મંત્રીઓની ઉપસ્થિતિમાં અનેક ડિફેન્સ ડીલ પર હસ્તાક્ષર થશે. આમાં સંરક્ષણ ઉદ્યોગોમાં ભાગીદારી વધારવાનો રોડમેપ પણ સામેલ છે. ખાસ વાત એ છે કે, સાત વર્ષ બાદ પહેલીવાર ભારતના કોઈ સંરક્ષણ મંત્રી જર્મની જઈ રહ્યા છે. આ પહેલા નિર્મલા સીતારમણે ફેબ્રુઆરી-૨૦૧૯માં જર્મનીની મુલાકાત કરી હતી.

ભારત-જર્મની વચ્ચે છ અત્યાધુનિક ડીઝલ-ઈલેક્ટ્રીક સબમરીન અંગે પણ ચર્ચા થવાની છે. વર્ષ ૨૦૨૩માં ભારતની મઝગાંવ ડૉક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL) અને જર્મનની થિસનકુપ મરીન સિસ્ટમ (TKMS) કંપની વચ્ચે એક સમજૂતી પર હસ્તાક્ષર થયા હતા. ત્યારે આ સમજૂતીથી જોડાયેલ ટેકનોલોજીનું આદાન-પ્રદાન કરવા અને સંરક્ષણ ઉદ્યોગમાં ભાગીદારી વધારવા માટે બંને દેશોના સંરક્ષણ મંત્રીઓ વચ્ચે વિસ્તારપૂર્વક ચર્ચા થશે.

આ સબમરીનની ખાસિયતની વાત કરીએ તો આ સબમરી AIP ટેકનોલોજીથી સજ્જ હોવાથી નૌસેનાની તાકાતમાં વધુ વધારો થશે. જો ડીલ ફાઈનલ થશે તો આ ભારત માટે અત્યાર સુધીની સૌથી મોટી સંરક્ષણ ડીલ હશે. AIP ટેકનલોજીના કારણે સબમરીન પાણીની સપાટી પર આવ્યા વગર બેથી ત્રણ સપ્તાહ સુધી પાણીમાં રહી શકે છે. આ જ ખાસિતય દુશ્મનથી બચીને વ્યૂહાત્મક અભિયાનનો અંજામ આપી શકે છે.

### પાંચ મહીનામાં ત્રીજીવાર વૃંદાવનની મુલાકાત

# વિરાટ કોહલીએ વૃંદાવન પહોંચી પ્રેમાનંદ મહારાજ સાથે કરી મુલાકાત

### વિરાટ અને અનુષ્કા તેમની આધ્યાત્મિક આસ્થા માટે જાણીતા છે અને અક્સર જીવનના ગૂઢ રહસ્યો શીખવા જાય છે

વૃંદાવન, તા.૨૦

IPL 2026 ના વ્યસ્ત સીઝન વચ્ચે મળેલા બ્રેકનો ફાયદો લેતા વિરાટ કોહલી તેની પત્ની અનુષ્કા શર્મા સાથે વૃંદાવન પહોંચ્યા. અક્ષય તૃતિયાના અવસર બંનેએ પ્રેમાનંદ મહારાજ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા પર આ મુલાકાતનો વીડિયો ઘણો વાયરલ થઈ રહ્યો છે. જેમા બંને સાદગી સાથે આશ્રમમાં બેસેલા જોવા મળે છે. વિરાટ અને અનુષ્કા તેમની આધ્યાત્મિક આસ્થા માટે જાણીતા છે અને અક્સર જીવનના ગૂઢ રહસ્યો, ક્ષમાનું મહત્વ અને સુખી વૈવાહિક જીવનનો મંત્ર શીખવા માટે મહારાજ પાસે જાય છે.

રોયલ ચેલેન્જર્સ બેંગાલુરુની છેલ્લા મેચ શનિવારે દિલ્હી કેપિટલ્સની સામે હતી. જ્યાં કોહલી ૧૩ બોલમાં માત્ર ૧૯ રન જ બનાવી શક્યો. RCB ની આગામી મેચ હવે શુક્રવારે ગુજરાત ટાઈટન્સ ની સામે થવાનો છે. આ ૫ દિવસોના લાંબા બ્રેકનો ઉપયોગ કોહલીએ ખુદને માનસિક અને આધ્યાત્મિક રીતે રિચાર્જ કરવા માટે કર્યો. આશ્રમમાં તેમણે પ્રેમાનંદજી મહારાજ સાથે ગહન આધ્યાત્મિક ચર્ચા કરી. જે તેમની એકાગ્રતાને મજબુત કરવામાં મદદ કરશે.

છેલ્લા કેટલાક સમયથી વિરાટ અને અનુષ્કાનો વૃંદાવન સાથે લગાવ ઘણો વધ્યો છે. છેલ્લા પાંચ મહિનાની અંદર આ તેમની ત્રીજી મુલાકાત છે. આ વર્ષની શરૂઆતમાં તેઓ ફેબ્રુઆરીમાં તેમના દીકરા અકાયના જન્મદિવસ પછી તુરંત અહીં આવ્યા હતા. જો ગત વર્ષની વાત કરીએ તો આ કપલ ત્રણ વાર આશ્રમ પહોંચ્યુ હતુ. જાન્યુઆરીમાં બાળકો સાથે, મે માં કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાં સન્યાસની ઘોષણા કર્યા બાદ અને ફરી ડિસેમ્બરમાં. આ સિલસિલો જ દર્શાવે છે કે સફળતાના શિખર પર હોવા છતા તે શાંતિની શોધમાં વારંવાર આ પાવન ભૂમિ પર આવે છે.

મેદાન પર વિરાટ કોહલીનો જલવા આ સિઝનમાં પણ યથાવત છે. તે વર્તમાનમાં ટુર્નામેન્ટના ટોપ સ્કોરર્સ પૈકીના એક છે. જેમણે ૬ મેચમાં ૪૯.૪૦ ની સરેરાશ અને ૧૫૭.૩૨ ના શાનદાર સ્ટ્રાઈક રેટ સાથે ૨૪૭ રન બનાવ્યા છે. તેમની ટીમ RCB પણ આ સમયે પોઈન્ટ ટેબલમાં ઘણી મજબૂત સ્થિતિમાં છે. ૬ મેચમાં ૮ અંક સાથે બેંગલુરુની ટીમ બીજા સ્થાને છે. ફેન્સ ને આશા છે કે આ આધ્યાત્મિક યાત્રા બાદ કોહલી ગુજરાત વિરુદ્ધ મુકાબલામાં મોટી ઈનિંગ રમશે.

### અમેરિકા સાથે બીજા રાઉન્ડની વાતચીતનો સ્પષ્ટ ઇનકાર

# ઈરાને પાકિસ્તાનને સોંપ્યો ૧૦ મુદ્દાઓનો પ્રસ્તાવ

### ઈરાની વિદેશ મંત્રીએ મહત્ત્વપૂર્ણ માહિતી આપતાં જણાવ્યું કે, અમે અમેરિકન પક્ષ પર કોઈ ભરોસો ન કરી શકીએ

તેહરાન, તા.૨૦

ઈરાન અને અમેરિકા વચ્ચે નિષ્ફળ થયેલી પહેલા તબક્કાની વાતચીત બાદ યુદ્ધનો વ્યૂહાત્મક ઉકેલ લાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. આ વચ્ચે અમેરિકન નેવીને ઈરાની ફ્લેગવાળા એક કાર્ગો જહાજને પોતાના કબજામાં લઈ લીધું છે.

ટ્રમ્પે આ અંગે માહિતી આપતાં કહ્યું કે, આ જહાજ હોર્મુઝમાં અમેરિકન નાકાબંધીને પાર કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

બીજી તરફ, ઈરાને કાર્ગો જહાજને કબજામાં લીધા બાદ અમેરિકન સેના પર ડ્રોન બોટથી પલટવાર કર્યાનો દાવો કર્યો છે. તેની સાથે જ ઈસ્લામાબાદમાં થનારી બીજા તબક્કાની વાટાઘાટોને લઈને પણ અનિશ્ચિતતા બનેલી છે. કારણ કે ઈરાને પાકિસ્તાનને ૧૦ મુદ્દાનો પ્રસ્તાવ સોંપ્યો છે, પરંતુ અમેરિકા સાથે બીજા તબક્કાની વાતચીતનો ઈનકાર કર્યો છે.

ઈરાની વિદેશ મંત્રીએ મહત્ત્વપૂર્ણ માહિતી આપતાં જણાવ્યું કે, અમે પાકિસ્તાનને ૧૦ મુદ્દાનો પ્રસ્તાવ સોંપ્યો છે. અમે અમેરિકન પક્ષ પર કોઈ ભરોસો ન કરી શકીએ, કારણ કે તેણે લાંબા સમયથી વ્યૂહાત્મકતાની સાથે વિશ્વાસઘાત કર્યો છે.

હોર્મુઝમાં જે કંઈપણ થઈ રહ્યું છે, તે અમેરિકન-ઈઝરાયલી હુમલાઓની અસર છે. વિરોધ પક્ષ સતત પોતાની સ્થિતિ બદલતું રહે છે અને મીડિયામાં વિરોધાભાસી નિવેદનો જાહેર કરે છે.

સંયુક્ત રાજ્ય અમેરિકાની સાથે કોઈપણ સંભવિત કરારમાં વ્યવહારિક ગેરેન્ટી સામેલ હોવી જોઈએ. ૨ અઠવાડિયા માટે યુદ્ધવિરામમાં અમેરિકન પક્ષે લેબેનૉનમાં યુદ્ધવિરામનો સ્વીકાર કરવા છતાં પોતાના વચનને તોડી નાખ્યું છે. કરારના એક ભાગમાં લેબેનૉનમાં યુદ્ધવિરામ સામેલ હતું અને અમે એ જ આધાર પર હોર્મુઝ ખોલ્યું. અમેરિકન-ઈઝરાયલી હુમલાઓ પહેલા હોર્મુઝ સુરક્ષિત હતું.

અમેરિકન પક્ષ પર વ્યૂહાત્મક રસ્તાઓ પર ના ચાલવાના ગંભીર આરોપ લગાવતાં કહ્યું કે, ગત વાતચીતમાં તેહરાનને પોતાની ઉપર લાગેલા પ્રતિબંધો હટાવવા મામલે કોઈ નક્કર પ્રસ્તાવ ન મળ્યો. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા હોર્મુઝની સુરક્ષાને ખતરામાં મૂકવાના સંબંધમાં આંતરરાષ્ટ્રીય સમુદાયએ પોતાની જવાબદારી નિભાવવી જોઈએ.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, પાકિસ્તાનના ડિફેન્સ ચીફ આસિમ મુનીરે ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. જેમાં ટ્રમ્પને હાલની પરિસ્થિતિથી અવગત કરાવ્યા છે. પાકિસ્તાને હોર્મુઝનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. હોર્મુઝમાં હાલની સ્થિતિ વાતચીતમાં અડચણ બની રહી છે.

### હાઇવે પર હેવી, કોમર્શિયલ વ્હિકલના પાર્કિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ સહિતના સંખ્યાબંધ નિર્દેશો

# નેશનલ હાઇવે પરનાં અતિક્રમણો ૬૦ દિવસમાં દૂર કરો : સુપ્રીમ

નવી દિલ્હી, તા.૨૦

નેશનલ હાઈવે પર ગેરકાયદે પાર્કિંગ અને અતિક્રમણ સામે આકરું વલણ અપનાવીને સુપ્રીમ કોર્ટે હાઈવેના કેરેજવે પર હેવી અને કોમર્શિયલ વ્હિકલના પાર્કિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ, તમામ અનધિકૃત ઢાબા, ખાણીપીણીની દુકાનો અને કોમર્શિયલ બાંધકામો 60 દિવસમાં દૂર કરવા, સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવા સહિતના સંખ્યાબંધ વચગાળાના દિશાનિર્દેશો જારી કર્યાં હતાં. સર્વોચ્ચ અદાલતે 'સુરક્ષિત માર્ગના અધિકાર'ને બંધારણના કલમ 21 હેઠળના જીવનના અધિકારનો અભિન્ન હિસ્સો પણ ગણાવ્યો હતો. ન્યાયાધીશ જે કે મહેશ્વરી અને અતુલ એસ ચાંદુરકરની બનેલી ખંડપીઠે રાજસ્થાનના ફલોદી અને તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં થયેલા જીવલેણ માર્ગ અકસ્માતો અંગેના સુઓમોટો કેસમાં આ આદેશ આપ્યો હતો. હાઈવે પરની સિસ્ટેમેટિક બેદરકારી અને આપત્તિજનક માળખાગત નિષ્ફળતાઓની ગંભીર નોંધ લઈને સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે આવી ક્ષતિઓ સુરક્ષિત માર્ગના અધિકારનું ગંભીર ઉલ્લંઘન અને અધિકારીઓ દ્વારા ફરજમાં બેદરકારી સમાન છે. કોઈ રોડ અને ખાસ કરીને હાઈ-સ્પીડ એક્સપ્રેસવે વહીવટી સુસ્તી અથવા માળખાકીય ખામીઓને કારણે જોખમનો કોરિડોર ન બનવો જોઈએ. વ્યાપક દિશાનિર્દેશો જારી કરી ખંડપીઠે નેશનલ હાઈવે કેરેજવે અને પેવ્ડ શોલ્ડર પર ભારે અને વેપારી વાહનોના પાર્કિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે રીઅલ-ટાઈમ એલર્ટ, GPS-ટેગ કરેલા ફોટોગ્રાફિક પુરાવા અને ઈ-ચલણ મિકેનિઝમ સહિત એડવાન્સ્ડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ્સ (ATMS)નો 60 દિવસમાં અમલ કરવાનો આદેશ આપ્યો હતો. નેશનલ હાઈવે ઈન્સ્પેક્શન અને સર્વેને ફરજિયાત બનાવીને સર્વોચ્ચ અદાલતે અતિક્રમણ, ઈન્સ્પેક્શન ટીમ અને નિયમ પાલનનો અંગેના વિગતવાર રીપોર્ટ સુપરત કરવા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI), NHIDCL અને રાજ્ય પબ્લિક વર્ક ડિપાર્ટમેન્ટ સહિતની સત્તાવાળાને તાકીદ કરી હતી.સુપ્રીમ કોર્ટે નેશનલ હાઈવેના રાઈટ ઓફ વેમાં ઢાબા અને વેપારી એકમો સહિત અનધિકૃત બાંધકામોને તાત્કાલિક પ્રતિબંધિત કરવા અને દૂર કરવા આદેશ આપ્યો હતો. જિલ્લા અધિકારીઓને 60 દિવસની આવા બાંધકોમ તોડી પાડવા પડશે. કોર્ટે જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ, NHAI, PWDના અધિકારીઓનો સમાવેશ કરીને દેશભરમાં ડિસ્ટ્રિક્ટ હાઈવે સેફટી ટાસ્ક ફોર્સની રચના કરવાનો પણ આદેશ આપ્યો હતો.

### ૧૫ દિવસથી વિતરણ બંધ રહેતા એજન્સી પર હોબાળો

# મોટી પાનેલીમાં ગેસના બાટલા માટે ગ્રાહકોનો હલ્લાબોલ

### વારંવાર એજન્સીના ધક્કા ખાવા છતાં તેમને સિલિન્ડર ન મળતા આખરે મામલો બિચક્યો હતો

રાજકોટ,તા.૨૦

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના મોટી પાનેલી ગામમાં રાંધણ ગેસના વિતરણમાં ધાંધિયા સર્જાતા ગૃહિણીઓ અને ગ્રાહકોની મુશ્કેલીમાં વધારો થયો છે. છેલ્લા ૧૫ દિવસથી ગામમાં ગેસ સિલિન્ડરનું વિતરણ બંધ હોવાથી ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અનેક લોકોએ બુકિંગ કરાવ્યું હોવા છતાં અને વારંવાર એજન્સીના ધક્કા ખાવા છતાં તેમને સિલિન્ડર ન મળતા આખરે મામલો બિચક્યો હતો અને રોષે ભરાયેલા લોકોએ એજન્સી પર જઈને હોબાળો મચાવ્યો હતો.

સ્થાનિક ગ્રાહકોએ એવો ગંભીર આક્ષેપ કર્યો છે કે, તેમના મોબાઈલમાં ગેસ સિલિન્ડર ડિલિવરી થઈ ગઈ હોવાના મેસેજ આવી ગયા છે, પરંતુ વાસ્તવમાં તેમને બાટલો મળ્યો જ નથી. ગ્રાહકોનો આક્ષેપ છે કે, ગેસ એજન્સીનો ધારક બાટલાની કાળાબજારી કરી રહ્યો છે, અને જરૂરિયાતમંદ ગ્રાહકોને આપવાને બદલે અન્યત્ર ઊંચા ભાવે વેચી રહ્યો છે. જ્યારે ગ્રાહકો પૃચ્છા કરવા જાય છે, ત્યારે સંતોષકારક જવાબ મળવાને બદલે હાલાકી ભોગવવી પડી રહી છે.ગત રોજ જ્યારે મોટી સંખ્યામાં લોકો ગેસ એજન્સી પર એકઠા થયા અને હોબાળો કર્યો, ત્યારે સ્થિતિ પામી ગયેલો એજન્સી ધારક ઓફિસને તાળા મારીને ત્યાંથી ચાલ્યો ગયો હતો. જવાબદાર વ્યક્તિની ગેરહાજરીને કારણે ગ્રાહકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો. લોકોનું કહેવું છે કે, જો એજન્સી પાસે સ્ટોક નથી તો મોબાઈલમાં મેસેજ કેવી રીતે આવી રહ્યા છે? આ એક મોટું કૌભાંડ હોવાની શંકા ગ્રામજનો વ્યક્ત કરી રહ્યા છે.મોટી પાનેલી ગામના રસોડામાં અત્યારે ઈંધણની કટોકટી સર્જાઈ છે. ગૃહિણીઓએ ચીમકી ઉચ્ચારી છે કે, જો વહેલી તકે ગેસના બાટલાનું વિતરણ સુધારીને અનિયમિતતા દૂર કરવામાં નહીં આવે, તો ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવશે. હાલ પંથકમાં ગેસ એજન્સીની મનમાની અને કાળાબજારીને લઈ ભારે ચર્ચાઓ જાગી છે અને પુરવઠા વિભાગ આ મામલે કડક તપાસ કરે તેવી માગ ઉઠી છે.

# ધારીના એસ.ટી.ડેપો ખાતે મુસાફરોને શરબતનું વિતરણ



ધારી, તા.૨૦

ધારી ડેપો બસસ્ટેન્ડ ખાતે ધારી ડેપોના ક્ષત્રિય સમાજના કર્મચારીઓના સહયોગથી તેમજ તમામ કર્મચારીઓ મળી આયોજન કરી ગોળ વરિયાળી લીંબુનું ઠંડુ શરબત કર્મચારીઓમાં તેમજ મુસાફરોમાં વહેંચણી કરવામાં આવેલ હતી જે બદલ ક્ષત્રિય સમાજના કર્મચારીઓ તેમજ આયોજન કરનાર તમામ કર્મચારીઓનો ખુબ ખુબ આભાર.

### ધાર્મિક સ્થળ દ્વારકાનાં દર્શન કર્યા

# અમરેલી : શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ માધ્યમિક કન્યા શાળાની વિદ્યાર્થીનીઓનો પ્રવાસ યોજાયો

### વિદ્યાર્થીનીઓએ દ્વારકાધીશનાં દર્શન કરી ધન્યતા અનુભવી



અમરેલી, તા. ૨૦

અમરેલી લેઉવા પટેલ ટ્રસ્ટ માધ્યમિક કન્યા શાળા ખાતે વિદ્યાર્થીનીઓ માટે દ્વારકા જેવા ધાર્મિક સ્થળોના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસને લઈ વિદ્યાર્થીનીઓમાં ઉત્સાહપુર્ણ માહોલ જોવા મળ્યો હતો. આ પ્રકારના શૈક્ષણિક પ્રવાસો વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી છે.

### નાસિક બાદ નાગપુરમાં TCS જેવો કેસ

# NGO સંચાલક કાઝી પર ધર્માંતરણ અને જાતીય શોષણના ગંભીર આરોપ

### એક NGOમાં કામ કરતી ૪ યુવતીઓએ સંચાલક વિરુદ્ધ ધાર્મિક દબાણ, જાતીય શોષણની ફરિયાદ નોંધાવી હતી

નાગપુર, તા.૨૦

મહારાષ્ટ્રમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. નાસિક બાદ હવે નાગપુરમાંથી પણ એક હચમચાવી દેનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નાગપુરના મનકાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી એક NGOમાં કામ કરતી ૪ યુવતીઓએ સંચાલક વિરુદ્ધ ધાર્મિક દબાણ, જાતીય શોષણ અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવતા પોલીસ એક્શન મોડમાં આવી છે. NGOના વિરુદ્ધ અનેક યુવતીઓ સાથે જાતીય શોષણ, ધાર્મિક બળજબરી, બદનક્ષી અને સાયબર સ્ટોકિંગના આરોપસર FIR નોંધાયા બાદ શંકાના ઘેરામાં આવી ગઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, કેસ દાખલ થયા પછી તરત જ આરોપી રિયાઝ ફઝીલ કાઝીની ધરપકડ કરવામાં આવી હતી.TCS નાસિક યુનિટમાં કથિત જાતીય અને ધાર્મિક ઉત્પીડન કેસ અને અમરાવતી જિલ્લાના પરતવાડામાં સેક્સ કૌભાંડ પછી, આ કેસ ગુપ્તચર એજન્સીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજ્ય આતંકવાદ વિરોધી ટુકડી (ATS) એ NGO ની પૃષ્ઠભૂમિ, નાણાકીય પગલાં અને ગરીબ પરિવારોના બાળકોને શિક્ષણ આપવાના તેના કથિત મિશન ઉપરાંતના સંભવિત જોડાણોની સમાંતર તપાસ શરૂ કરી છે. આરોપી રિયાઝ કાઝી, જે ફિક્ર ફાઉન્ડેશન અને યુનિવર્સલ મલ્ટીપરપઝ સોસાયટી નામની સંસ્થાઓ ચલાવે છે, તેના પર ગંભીર આક્ષેપો થયા છે. પીડિત યુવતીઓના જણાવ્યા અનુસાર, રિયાઝ લાંબા સમયથી તેમની પર પોતાની ધાર્મિક વિચારધારા લાદવાનો પ્રયાસ કરતો હતો.

ફરિયાદમાં જણાવાયું છે કે, આરોપી યુવતીઓને ફરજિયાતપણે ધાર્મિક પ્રવૃત્તિઓ કરવા મજબૂર કરતો હતો. યુવતીઓને ઓફિસમાં નમાઝ પઢવા અને રોઝા રાખવા માટે દબાણ કરવામાં આવતું હતું. એકબીજાને મળતી વખતે અસલ્લા વાલિકુમ અને જતા વખતે ખુદા હાફિઝ કહીને અભિવાદન કરવા માટે ફરજ પાડવામાં આવતી હતી. જ્યારે યુવતીઓએ આ બાબતનો વિરોધ કર્યો, ત્યારે આરોપીએ તેમને નોકરીમાંથી કાઢી મૂકવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધાર્મિક દબાણની સાથે આરોપી પર યુવતીઓના જાતીય શોષણ અને માનસિક પ્રતાડનાના પણ આરોપ છે. પીડિતાઓએ જણાવ્યું કે, આરોપી તેમની અંગત જિંદગીમાં દખલ કરતો હતો અને નકલી સોશિયલ મીડિયા આઈડી બનાવીને તેમને હેરાન કરતો હતો. મનકાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ હરીશ કલસેકરના નેતૃત્વમાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી રિયાઝ કાઝીની ધરપકડ કરી લીધી છે. કોર્ટે આરોપીને ૨૩ એપ્રિલ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. પોલીસ દ્વારા આરોપીનો મોબાઈલ જપ્ત કરવામાં આવ્યો છે અને તેના આર્થિક વ્યવહારોની પણ તપાસ થઈ રહી છે. પોલીસને આશંકા છે કે, અન્ય યુવતીઓ પણ આ સંચાલકનો શિકાર બની હોઈ શકે છે, તેથી પોલીસે અન્ય પીડિતોને પણ આગળ આવવા અપીલ કરી છે.






### સોગંદનામામાં ૧૦૦ કરોડની વિસંગતતા મુદ્દે કોર્ટે માંગ્યો જવાબ

# તમિલનાડુ ચૂંટણી ટાણે એક્ટર વિજય મુશ્કેલીમાં

### સુપરસ્ટાર વિજય આ વખતે તમિલનાડુમાં બે બેઠક, તિરુચિરાપલ્લી (ત્રિચી) અને પેરામ્બુરથી ચૂંટણી લડી રહ્યા છે

ચેન્નાઈ, તા.૨૦

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના જંગમાં પ્રથમવાર ઝંપલાવી રહેલા અભિનેતા અને તમિલગા વેટ્રી કઝગમ (TVK) ના સ્થાપક થલાપતિ વિજયને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે.

વિજય દ્વારા રજૂ કરાયેલા ચૂંટણી સોગંદનામામાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની વિસંગતતા જોવા મળતા મદ્રાસ હાઈકોર્ટે આવકવેરા વિભાગ પાસે જવાબ માંગ્યો છે.

સુપરસ્ટાર વિજય આ વખતે તમિલનાડુમાં બે બેઠક, તિરુચિરાપલ્લી (ત્રિચી) અને પેરામ્બુરથી ચૂંટણી લડી રહ્યા છે. પેરામ્બુરના એક મતદારે કોર્ટમાં અરજી કરી આક્ષેપ કર્યો હતો કે, વિજયે બંને બેઠકો માટે ફાઈલ કરેલા સોગંદનામામાં તેમની આવકના આંકડા જુદા જુદા છે. જેમ કે, ત્રિચી બેઠકના સોગંદનામામાં વિજયે રૂ. ૨૨૦ કરોડની આવક દર્શાવી છે. તો પેરામ્બુર બેઠકના સોગંદનામામાં માત્ર રૂ. ૧૧૫ કરોડની આવક જાહેર કરી છે. આમ, બંને સોગંદનામા વચ્ચે રૂ. ૧૦૫ કરોડ રૂપિયાના તફાવત સામે આવતા વિજયે કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળની સત્તારૂઢ ડીએમકે સામે વિજયની એન્ટ્રીથી આ મુકાબલો હવે ત્રિપાંખિયો જંગ બની રહ્યો છે. ખાસ કરીને તિરુચિરાપલ્લી ઈસ્ટમાં લઘુમતી અને ખ્રિસ્તી મતો નિર્ણાયક ભૂમિકા ભજવે છે. વિજયની ઉમેદવારીથી અહીં લઘુમતી મતોમાં વિભાજન થવાની શક્યતા સેવાઈ રહી છે, જે ડીએમકે માટે ચિંતાનો વિષય બની શકે છે. આ ઉપરાંત, દલિત અને હિન્દુ મતો પણ આ રસાકસીભરી જંગમાં મહત્ત્વના સાબિત થશે.

તમિલનાડુમાં આગામી ૨૩ એપ્રિલના રોજ એક જ તબક્કામાં મતદાન થશે, જ્યારે ૪ મેના રોજ પરિણામ જાહેર કરાશે. એક તરફ ડીએમકે ગઠબંધન (સેક્યુલર પ્રોગ્રેસિવ એલાયન્સ) છે અને બીજી તરફ એઆઈએડીએમકે-ભાજપનું ગઠબંધન છે, ત્યારે વિજયની પાર્ટીની એન્ટ્રીએ રાજ્યના રાજકારણને વધુ રસપ્રદ બનાવી દીધું છે. નોંધનીય છે કે, હવે જોવાનું રહેશે કે આવકવેરા વિભાગ હાઈકોર્ટમાં શું જવાબ રજૂ કરે છે અને વિજયની રાજકીય કારકિર્દી પર તેની શું અસર પડે છે.

# બાબરા ખાતે ભગવાન શ્રી પરશુરામજીનાં પ્રાગટય ઉત્સવની ઉજવણી કરાઈ






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં ભૂદેવોનાં આરાધ્ય દેવ શ્રી ભગવાન પરશુરામનાં પ્રાગટય મહોત્સવની ભવ્ય ઉજવણી સમસ્ત યુવા બ્રહ્મસમાજ દ્વારા અહી બ્રહ્મસમાજની વાડી ખાતે ગાયત્રી મંદિર ખાતે કરવામાં આવી હતી. બ્રહ્મસમાજ વડીલ અગ્રણી શૈલેષભાઈ કનૈયાનાં યજમાન પદે શાસ્ત્રી સુનિલભાઈ ત્રિવેદી, ઉદયભાઈ જાની અને યગ્નેશભાઈ શુકલ દ્વારા વિધિ વિધાન સાથે ભગવાન પરશુરામનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું તેમજ મહાઆરતી યોજાય હતી. જય જય પરશુરામનાં જય ઘોસ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બ્રહ્મસમાજનાં અગ્રણી ડો. પ્રવિણભાઈ ત્રિવેદી, નરૂભાઈ ત્રિવેદી, અરવિંદભાઈ ત્રિવેદી, બાવકુભાઈ ત્રિવેદી, નરેશભાઈ ઉપાધ્યાય, કાકુંભાઈ ચાવ, રાજુભાઈ તેરૈયા, અતુલભાઈ ત્રિવેદી, જીતુભાઈ ત્રિવેદી, કિરીટભાઈ ઈન્દ્રોડિયા, મુકેશભાઈ મહેતા, ચીમનભાઈ મહેતા, સહિત મોટી સંખ્યામાં ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા યુવા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલાનાં રામપરા ગામે

ધરવામાં આવે છે. આ ઓપરેશન અંતર્ગત સિંહોને રેસ્કયુ કરી તેમના સ્વાસ્થ્યની ઝીણવટ ભરી તપાસ કરવામાં આવે છે. જેથી વનરાજ વધુ તંદુરસ્ત રહી શકે. આ વાર્ષિક રક્ષણાત્મક કામગીરીના ભાગરૂપે જ સિંહણને રેસ્કયુ કર્યા બાદ સુરક્ષિત સ્થળ છોડવાની તજવીજ ચાલી રહી હતી.

ત્યારે આ કાર્યક્રમ અંતર્ગત સિંહણની શારીરિક તપાસ પૂર્ણ કરી અને સિંહણને પાંજરામાંથી મુક્ત કરવામાં આવતી હતી. ત્યારે આ સિંહણ શાંતિથી પિંજરામાંથી બહાર જવાને બદલે અચાનક હિંસક બની પાછી ફરી હતી અને તીવ્ર ઝડપે દોટ મૂકી ટ્રેકર નકાભાઈ રામ પર તૂટી પડી હતી.

નિષ્ણાતોનાં મતે, રેસ્કયુ બાદ આ સિંહણ તણાવમાં હોવાથી તથા પોતાની જાત પર ખતરો અનુભવવો અથવા પોતાના પ્રદેશની રક્ષા કરવાની આક્રમક વૃત્તિને કારણે આ પ્રકારનો હુમલો કર્યો હોઈ શકે છે.

હુમલો કરનાર આ સિંહણ વન વિભાગનાં ચોપડે 'લક્ષ્મી' તરીકે ઓળખાય છે. 'લક્ષ્મી' સામાન્ય રીતે માનવ હાજરીથી પરિચિત હોવા છતાં, તેણે કરેલા આ હુમલાથી વન વિભાગનાં અધિકારીઓ પણ આશ્ચર્યમાં મુકાયા છે. વન વિભાગનાં સ્ટાફ અને સ્થાનિકોની આસપાસ અવાર–નવાર વિચરણ કરતી હોવા છતાં, તે આખરે એક વન્ય પ્રાણી હોવાથી તેની આક્રમકતાએ સૌને ચોંકાવી દીધા છે.

ડી–વોંનિંગ પ્રક્રિયા દરમિયાનસિંહણને મુક્ત કરતી વેળાએ આ દુર્ઘટનાં ઘટી હતી. હાલ ઈજાગ્રસ્ત ટ્રેકરની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. અને તેમની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. વન વિભાગે આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સ્ટાફને વધુ સાવચેત રહેવા સૂચના આપી છે.

સંકુલ ગર્લ્સ સાયંસ બપોર
સંકુલ મિશ્ર સાયંસ સવાર
સંકુલ EM સાયંસ સવાર
ધો. ૧૧–૧૨ બાયો–મેથ્સ પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad015

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૧૫ | ૧૮૧૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૯૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૪૦ | ૧૪૫૦ |
| ૪ | જીરૂ | ૩૨૩૫ | ૪૦૨૫ |
| ૫ | ચણા | ૧૦૩૨ | ૧૦૫૮ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ૭ | ધાણા | ૧૪૬૦ | ૨૪૩૦ |
| ૮ | તુવેર | ૧૨૧૫ | ૧૪૨૫ |
| ૯ | કાળા તલ | ૨૬૩૦ | ૩૧૪૦ |
| ૧૦ | એરંડા | ૯૯૦ | ૧૧૯૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૨૦ | ૧૫૪૦ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૪૭૦ | ૧૯૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| ૪ | તલ કાળા | ૨૧૪૦ | ૩૫૧૦ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૫૩૫ |
| ૬ | જુવાર | ૪૪૦ | ૯૧૦ |
| ૭ | ઘઉં બંસી | ૩૭૦ | ૩૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૬૫૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૧૦ |
| ૧૦ | ચણા | ૯૬૦ | ૧૦૭૫ |
| ૧૧ | ચણા દેશી | ૯૮૫ | ૧૦૪૦ |
| ૧૨ | સફેદ ચણા | ૧૦૨૫ | ૧૧૭૫ |
| ૧૩ | છોલે ચણા | ૧૧૦૦ | ૧૪૭૫ |
| ૧૪ | તુવેર | ૮૦૦ | ૧૪૫૦ |
| ૧૫ | કપાસ | ૯૫૦ | ૧૮૪૫ |
| ૧૬ | એરંડા | ૧૦૫૦ | ૧૨૪૦ |
| ૧૭ | જીરૂ | ૨૦૦૦ | ૪૧૦૦ |
| ૧૮ | રાય | ૧૧૬૦ | ૧૩૯૦ |
| ૧૯ | ધાણા | ૨૨૬૦ | ૨૪૬૦ |
| ૨૦ | ધાણી | ૨૦૦૦ | ૨૬૮૦ |
| ૨૧ | અજમા | ૧૯૦૦ | ૨૩૫૦ |
| ૨૨ | મેથી | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ૨૩ | સોયાબીન | ૮૬૦ | ૧૦૫૦ |
| ૨૪ | મરચા લાંબા | ૧૩૯૦ | ૬૬૫૦ |
| ૨૫ | મરચા ઘોલર | ૧૭૦૦ | ૭૫૦૦ |
| ૨૬ | કાંગ | ૨૦૦ | ૫૭૦ |
| ૨૭ | સુવાદાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં બિનાકા ચોકમાં

સિરાજ મંજીલમાં રહેતા સિરાજભાઈ મેહબુબભાઈ કુરેશી નામના ૪૦ વર્ષિય વેપારી ગત તા. ૧૯નાં રોજ રાત્રે ૧૧:૧૦ વાગ્યે અમરેલીના બીનાકા ચોકમાં રૂપમ ટોકીઝ પાસે આવેલ ડીલક્ષ પાનની દુકાન ઉપર બેસેલ હતા. તે દરમિયાન અમરેલીમાં રહેતા આરોપી દાદલીમીયા રફીકમીયા સૈયદ પોતાની એકટીવા મોટર સાયકલ લઈ આવી પાનની દુકાન સાથે ભટકાવતા વેપારીએ આરોપીને સરખી રીતે મોટર સાયકલ ચલાવવાનું કહેતા જે વાત આરોપીને સારી નહી લાગતા તેમણે વેપારીને ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર મારી મોટર સાયકલની ડિકીમાંથી છરી કાઢી હતી. એટલામાં જ બીજા બે આરોપી ઈરફાનભાઈ રફીકભાઈ સૈયદ તથા અજુમીયા રફીકમીયા સૈયદ આવી જઈ વેપારીને પકડી રાખી ઢીકાપાટુનો મુંઢમાર મારી એક આરોપીએ વેપારીના ગુદાના ભાગે છરીના ત્રણ ઘા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી નાશી જતાં ઘવાયેલ યુવકને સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીમાં ભગવાનશ્રી પરશુરામજી

સનાતની હિંદુ પ્રેમી જનતાએ સહિયારી શોભાયાત્રા રચી હતી. વિશાળ સંખ્યામાં ભગવાન શ્રી પરશુરામજી ભવ્ય જળઘોષ, મહિલા મંડળ ધ્વારા પરશુ રાસે કાર્યક્રમને દિવ્યતા અને ભવ્યતા અર્પી હતી. રાત્રે ૮ કલાકે ભગવાન પરશુરામની પૂરા ભકિતભાવ સાથે અલૌકીક મહાઆરતી ધ્વારા કાર્યક્રમને સંપન્ન કરવામાં આવ્યો હતો.

આ વિવિધ કાર્યક્રમમાં બ્રહ્મસમાજનાં ભામાશા શાસ્ત્રી રમેશદાદા, રાજય કક્ષાનાં મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, પૂર્વ વિરોધપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, માર્કેટીંગ યાર્ડના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, ખોડલધામનાં વસંતભાઈ મોવલીયા, ડો. કાનાબાર, ડી.કે. રૈયાણી, દિનેશભાઈ ભુવા, જે.પી. સોજીત્રા, શરદભાઈ ધાનાણી, હિરેનભાઈ વિરડીયા, રમેશભાઈ કાથરોટીયા, ભાવેશભાઈ સોઢા, રાજેશભાઈ માંગરોળીયા, કાંતિભાઈ વઘાસીયા, કાળુભાઈ કાછડીયા, ડો. ગજેરા સહિત સામાજિક આગેવાનો, પેટા સમવાયનાં પદાધિકારીઓ, રાજકીય અગ્રણીઓ, સ્વૈચ્છિક સંસ્થાના હોદેદારો, વિવિધ બ્રહ્મસમાજનાં વિવિધ ઘટકોનાં આગેવાનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પરશુરામધામ ટીમ અને અમરેલી જિલ્લા તથા શહેર સમસ્ત બ્રહ્મસમાજની ટીમે જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવનાર તમામનો આભાર માનવામાં આવ્યો હતો.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૨૧ | ૧૭૪૫ |
| ૨ | મગફળી | ૧૨૯૫ | ૧૩૦૦ |
| ૩ | ચણા | ૯૬૧ | ૧૦૩૮ |
| ૪ | સોયાબીન | ૯૯૬ | ૯૯૬ |
| ૫ | જુવાર સફેદ | ૬૦૧ | ૬૦૧ |
| ૬ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૭ | તુવેર | ૧૦૮૬ | ૧૪૦૦ |
| ૮ | ધાણા | ૧૭૦૦ | ૨૨૨૫ |
| ૯ | ઘઉં | ૪૦૧ | ૪૦૧ |
| ૧૦ | બાજરો | ૫૨૬ | ૫૨૬ |
| ૧૧ | એરંડા | ૧૧૦૩ | ૧૨૦૦ |
| ૧૨ | મેથી | ૧૦૩૧ | ૧૦૬૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૪૧૦ | ૧૫૨૫ |
| ૨ | શીંગ મોટી | ૧૪૩૦ | ૧૫૮૨ |
| ૩ | શીંગ નવી | – | ૧૩૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૦૦૦ |
| ૫ | તલ કાળા | ૩૨૦૦ | ૩૮૦૦ |
| ૬ | જીરૂ | ૩૬૫૦ | ૪૩૦૦ |
| ૭ | કપાસ | ૧૪૫૦ | ૧૮૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૪૦ |
| ૧૦ | બાજરો | ૪૪૦ | ૫૩૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૮૬૦ |
| ૧૨ | મગ | ૧૩૦૦ | ૧૬૦૧ |
| ૧૩ | અડદ | ૮૦૦ | ૧૪૦૦ |
| ૧૪ | ચણા | ૧૦૨૦ | ૧૦૬૦ |
| ૧૫ | દેશી ચણા | ૧૦૩૦ | ૧૦૭૦ |
| ૧૬ | તુવેર | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ૧૭ | એરંડી | ૧૧૦૫ | ૧૨૩૨ |
| ૧૮ | મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૯ | રાય/રાયડો | ૧૧૨૫ | ૧૬૦૦ |
| ૨૦ | ધાણા | ૨૦૫૦ | ૨૯૦૭ |
| ૨૧ | સોયાબીન | ૮૦૦ | ૯૦૩ |

પાના ૧ ઉપરનું ચાલું
## ૩ વ્યકિતઓના મોત

ગામે કોઈ જંતુનાશક ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં અમરેલી તાલુકાના કાઠમાં ગામે રહેતાં બહાદુરભાઈ રામકુભાઈ વાળા નામનાં ૫૮ વર્ષીય આધેડના લગ્ન થયેલ ન હોય અને એકલવાયુ જીવન જીવતા હોય જેથી તેઓએ કંટાળી જઈ ગત તા. ૧૧ના રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યા દરમ્યાન કાઠમાં ગામે પોતાના રહેણાંક મકામને ઘઉમાં નાખવાના ઝેરી ટીકડા પી જતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના નેસડી ગામે રહેતાં બટુકભાઈ કેશુભાઈ કાલાવડીયા નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધ ગત તા. ૧૮ના રોજ સવારે આશરે ૧૧ વાગ્યે નેસડી ગામે નેસડી–કરજાળા રોડ પર આવેલ ખોડીયાર માતાજીના મંદિરની બાજુમાં આવેલ પી.જી.વી.સી.એલ. ઈલેકટ્રીક ગેંગના થાંભલે એલ.સી. લઈ લાઈટ રીપેરીંગ કરવા જતા અકસ્માતે ઈલેકટ્રીક શોર્ટ (કરંટ) લાગતા તેમને ગંભીર ઈજા થતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૭૫ |
| ૨ | મગફળી | ૧૧૨૫ | ૧૩૪૬ |
| ૩ | ઘઉં | ૩૭૬ | ૪૪૪ |
| ૪ | ચણા | ૯૨૫ | ૧૦૪૫ |
| ૫ | ધાણા | ૧૫૦૦ | ૨૪૧૧ |
| ૬ | તુવેર | ૧૦૦૫ | ૧૪૫૨ |
| ૭ | એરંડા | ૧૧૬૦ | ૧૨૧૦ |
| ૮ | બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| ૯ | મેથી | ૭૨૫ | ૧૦૭૫ |

### જાહેર નોટિસ

મોજે :– તોરી, તા. કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી.દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| તોરી, તા. કુંકાવાવ–વડિયા જિ. અમરેલી | ૧૦૬૨ | ૩૩૦/૨/ પૈકી ૧ | ૧–૦૬–૭૪ | ૭.૪૦ | લલીતભાઈ નાગજીભાઈ વોરા<br>પ્રવિણભાઈ નાગજીભાઈ વોરા |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અમારા સંયુકત નામે અને સ્વતંત્ર કબ્જામાં આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકીની, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા **અસીલશ્રી વોરા વિજયભાઈ સવજીભાઈ, રહે. (વેરાવળ–શાપર)** કોટડાસાંગાણી, જી. રાજકોટએ ખરીદ કરવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત, લીઝ લાયસન્સ/કબ્જો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૮ (આઠ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૨૧/૦૪/૨૦૨૬, મંગળવાર** **તે અમારા અસીલની સુચનાથી**
**સ્થળ : કુંકાવાવ મોટી**

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર,મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૭૪૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૦૦ | ૪૩૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૧૮ | ૪૪૧ |
| ૪ | ચણા | ૮૪૦ | ૧૦૪૪ |
| ૫ | ધાણા | ૧૨૯૦ | ૨૫૫૫ |
| ૬ | મગ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| ૭ | તુવેર | ૧૦૩૫ | ૧૩૪૨ |
| ૮ | તલ સફેદ | ૧૮૩૦ | ૨૦૦૦ |
| ૯ | મગફળી | ૧૨૪૫ | ૧૪૨૦ |
| ૧૦ | મેથી | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૧૧ | સોયાબીન | ૭૦૦ | ૧૦૭૧ |
| ૧૨ | એરંડી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૧૩ | લસણ | ૨૪૦ | ૭૫૫ |
| ૧૪ | શીંગદાણા | ૧૫૫૦ | ૧૭૦૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૦૫૦ |

# એડવોકેટ પાઠકની દલીલો સફળ
# લીલીયા : શિવશકિત કો.ઓ. સોસાયટીનાં બાકીદારને ૨ વર્ષની સજા
## ચેકની રકમનું વળતર ચુકવવા આદેશ

લીલીયા, તા.૨૦

લીલીયા મોટાની શ્રી શિવશકિત મહિલા ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટીમાંથી સભાસદ બતુલબેન નજીરભાઈ પઠાણ રહેવાસી અમરેલીએ ધિરાણ મેળવી હપ્તા નહીં ભરતા માંગણીની નોટિસ આપતા આ બાકીદારે વ્યાજ તથા મુદલની ગણતરી કરી બતુલબેન નજીરભાઈ પઠાણે ચેક રૂા. ૧૬,૦૩૪નો આપેલ. જે ચેર રિટર્ન થતાં મંડળીનાં ચેરમેન રેખાબેન પરસોતમભાઈ ગાયજન અને મંડળીના લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા અદાલતના ફોજદારી કેસ નંબર ૫૧૩/૨૦૨૫નો દાખલ કરતા કેસ ચાલી જતા ૨ વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ વ્યકિત સહિત મંડળીને ચુકવવા આદેશ કરેલ છે.

આરોપીઓ નામદાર અદાલતમાં ગેરહાજર રહેલ હોય જેથી આરોપી સામે સજા વોરંટ ઈસ્યુ કરી પોલીસ ઈન્સ્પેકટર લીલીયાને ધરપકડ કરી જેલ હવાલે કરવા આદેશ કરવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલામાં ભંગારનો ડેલો ચલાવતાં

એએલ–૯૬૬૦ નંબરનું બુલેટ મોટર સાયકલ બળજબરીથી કઢાવી લઈ પોતાના નામે કરી લીધું હતું તથા કટકે કટકે રૂપિયા ૪,૧૦,૦૦૦ પણ મૃત્યુ નિપજાવવાના ભય બતાવી બળજબરીથી કઢાવી લીધા હતાં.

ગત તા. ૧૮ના રોજ સાંજના સમયે આ બંને આરોપી યુવકના ભંગારના ડેલે ફોર વ્હીલ લઈને આવી યુવકને કહેવા લાગેલ કે આ રસ્તામાં કયાંય ટ્રાફીક થાય તેમ તારી ભંગારની વસ્તુ રાખતો નહીં અને હું આખા દિવસમાં ગમે ત્યારે જોવા આવીશ અને જો કાંઈ રસ્તા પડયુ હશે તો મજા નહી આવે. તેમ કહી સાથે બોલાચાલી કરવા લાગેલ હતા અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી દિલીપભાઈ બેપારીયાએ યુવકને ઝાપટો મારી તથા આરોપી ઉમેશભાઈ ધાખડાએ કુહાડીના હાથા વડે યુવકના વાંસાના ભાગે માર મારી શરીરે ઈજાઓ કરી યુવક પાસે દર મહિને દશ હજાર રૂપિયા આપવાની બળ જબરીપુર્વક માંગણી કરી હતી અને જો પૈસા નહી આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### જાહેર નોટિસ

મોજે :– તોરી, તા. કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી.દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| તોરી, તા. કુંકાવાવ–વડિયા જિ. અમરેલી | ૧૦૬૩ | ૩૩૦/૨/ પૈકી ૨ | ૧–૦૬–૭૩ | ૭.૪૭ | વોરા ઘનશ્યામભાઈ દેવરાજભાઈ<br>વોરા વસંતબેન દેવરાજભાઈ<br>વોરા સરોજબેન દેવરાજભાઈ |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અમારા સંયુકત નામે અને સ્વતંત્ર કબ્જામાં આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકીની, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા **અસીલશ્રી વોરા દેવજીભાઈ સવજીભાઈ, રહે. (વેરાવળ–શાપર) કોટડાસાંગાણી, જી. રાજકોટ**એ ખરીદ કરવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત, લીઝ લાયસન્સ/કબ્જો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૮ (આઠ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૨૧/૦૪/૨૦૨૬, મંગળવાર** **તે અમારા અસીલની સુચનાથી**
**સ્થળ : કુંકાવાવ મોટી**

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર,મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૨૩૧ |
| ૨ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૦૧ |
| ૩ | તલ કાળા | ૧૮૦૦ | ૩૪૨૧ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૭૧૭ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૫૨૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૩૫ |
| ૭ | જુવાર | ૩૦૦ | ૯૪૦ |
| ૮ | મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | તુવેર | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | ચણા | ૫૫૧ | ૧૦૩૧ |
| ૧૧ | એરંડી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૨ | ધાણા | ૧૬૦૦ | ૧૯૯૧ |
| ૧૩ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |





## અમરેલી શહેર/જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ અને પરશુરામધામનાં નેતૃત્વમાં

# અમરેલીમાં ભગવાનશ્રી પરશુરામજી પ્રાગટય ઉત્સવની ભવ્ય ઉજવણી

**પ્રાગટય દિવસની પૂર્વ સંધ્યાએ પરશુરામધામ ખાતે ભકિત સંગીત કાર્યક્રમમાં વિશાળ જનમેદની એકત્ર થઈ**

**પ્રાગટય દિવસ નિમિત્તે શહેરનાં રાજમાર્ગો પર ભગવાન પરશુરામજીની શોભાયાત્રા યોજાઈ**

**શોભાયાત્રામાં સમસ્ત બ્રહ્મસમાજ અને દરેક સમાજનાં નાગરિકો જોડાયા**

**અન્નકૂટ દર્શન અને સાંજનાં યોજાયેલ મહાઆરતીમાં વિશાળ જનમેદની ઉપસ્થિત રહી અને ધન્યતા પ્રાપ્ત કરી**



અમરેલી, તા. ૨૦

ભગવાન વિષ્ણુના છઠ્ઠા વંશજ, પરમ પરાક્રમી, ભગવાન શ્રી પરશુરામજીના પ્રાગટય ઉતસવની ભવ્ય અને આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શ્રી પરશુરામજીના પ્રાગટય ઉત્સવની પૂર્વ સંધ્યાએ "બ્રહ્મ સ્વરોત્સવ"નું આગવુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રસિધ્ધ લોકગયાક વિમલ મહેતા અને યુવા ગાયક પ્રયાગ મહેતા ધ્વારા ભકતજનોને આધ્યાત્મિક આનંદનો અનોખો અનુભવ થયો હતો. વિશાળ સંખ્યામાં નગરજનોની ઉપસ્થિતિથી જગ્યા પણ ટુંકી પડી ગઈ હતી. તા. ૧૯/૪/૨૦૨૬ રવિવારના રોજ સવારે પરશુરામધામ ખાતે વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. વેદો અને પુરાણોકત મંત્રોચારથી સમગ્ર વાતાવરણ પવિત્રતાનો અનુભવ થયો હતો. બપોરનાં સમયે મહિલા બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામજીને ૫૬ ભોગનો થાળ ધરવામાં આવ્યો હતો. શ્રધ્ધા અને ભકિતનાં પ્રતિકસમાં કાર્યક્રમનો સૌ કોઈએ લાભ લીધો હતો. સાંજના પાંચ કલાકે ગ્રામદેવતા ભગવાન નાગનાથ મંદિરેથી વિવિધ ફલોટસ સાથે ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. જેમાં શ્રી પરશુરામજીનાં અવતાર અંશ એવા સૌ ભૂદેવો સાથે અમરેલી નગરની

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)